।। कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ।।

।। अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ।। ।। गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ।।

।। योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ।। ।। चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ।।

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

## जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १

**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
Websiet : www.kobatirth.org
Email : Kendra@kobatirth.org

**शहर शाखा**


आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શંખેશ્વર સ્તવનાવલી

: સંગ્રાહક :

મુનિરાજ શ્રી. વિશાળવિજયજી



For Private And Personal Use Only

શાસ્ત્રવિશારદજૈનાચાર્યશ્રીમદ્વિજયધર્મસૂરિભ્યો નમઃ

॥ ॐ ॥

# શંખેશ્વર સ્તવનાવલી

સંગ્રાહક :

મુનિરાજ શ્રીવિશાલવિજયજી



: પ્રકાશક :

શ્રીયશોવિજય જૈન ગ્રંથમાળા

ગાંધીચોક : ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રથમાવૃત્તિ : કિંમત ૮ આના

વીર સંવત્ ૨૪૭૩ વિક્રમ સંવત્ ૨૦૦૩

ધર્મ સંવત્ ૨૫

પ્રકાશક :
ભાઈચંદ અમરચંદ શાહ
શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા
ગાંધીચોક : ભાવનગર.

મુદ્રક :
ભાનુભાઈ આચાર્ય
જય જગદીશ પ્રીન્ટરી
લીંબડી (કાઠિયાવાડ)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય



શ્રી. વિજયધર્મસૂરિજી મહારાજ

A. M. A. S. B., H. M. A. S. I., H. M. G. O. S.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जगत्पूज्य-शास्त्रविशारद-जैनाचार्य

## श्रीमद्विजयधर्मसूरीश्वराणां

## स्तुतिः

*

धर्मो विश्ववरेण्यसेवितपदो
धर्मं भजे भावतः,
धर्मेणावधुतः कुबोधनिचयो
धर्माय मे स्यान्नतिः।
धर्माच्चिन्तितकार्यपूर्तिरखिला
धर्मस्य तेजो महत्,
धर्मे शासनरागधैर्यसुगुणाः
श्रीधर्म ! धर्मं दिश ॥

—अनेकान्ती.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષયાનુક્રમ :


| વિષય | સંખ્યા નં. | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| ૧ પ્રકાશકીય વક્તવ્ય | | |
| ૨ સ્વ. જેઠીબાઈની જીવનરેખા | | |
| ૩ સંસ્કૃત સ્તુતિ પદ્યો | ૨૧ | ૧—૪ |
| ૪ ગુજરાતી સ્તુતિ દુહાઓ | ૨૧ | ૪—૭ |
| ૫ સંસ્કૃત ચૈત્યવંદનો | ૨ ( ૧—૨) | ૭—૯ |
| ૬ ગુજરાતી ,, | ૨ ( ૩—૪) | ૯-૧૧ |
| ૭ સંસ્કૃત સ્તવનો | ૭ ( ૧—૭) | ૧૧-૨૧ |
| ૮ ગુજરાતી ,, | ૩૪ ( ૮-૪૨) | ૨૨-૬૭ |
| ૯ હિંદી ,, | ૧૩ (૪૩-૫૫) | ૬૮-૮૦ |
| ૧૦ સંસ્કૃત સ્તુતિઓ | ૩ ( ૧—૩) | ૮૧-૮૨ |
| ૧૧ ગુજરાતી ,, | ૬ ( ૪—૯) | ૮૨-૮૯ |
| ૧૨ છંદ, લાવણી, પદ વગેરે. | ૪ ( ૧—૪) | ૮૯-૧૦૦ |


॥ श्रीमणिभद्रो विजयतेतराम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકાશકીય વક્તવ્ય

"શંખેશ્વર મહાતીર્થ"ના પહેલા-બીજા ભાગની સંયુક્ત પ્રથમાવૃત્તિ પ્રકાશિત થઈ ત્યારે અમને લાગેલું કે જે બહુ પ્રચલિત સ્તવનાદિ હોય તેને અલગ તારવીને પ્રકાશિત કરાય તો સર્વ સાધારણ વર્ગ તેનો લાભ લઈ શકે. પૂ. મુનિરાજ શ્રી જયંતવિજયજી મ૦ને અમે આ વિચાર જણાવેલો પણ તેઓ ઇતિહાસની બીજી પ્રવૃત્તિમાં ગુંથાયેલા હોવાથી અમે આવા સામાન્ય કાર્ય માટે તેમના અમૂલ્ય સમયનો ભોગ લેવાનું ઉચિત ન ધાર્યું. આ કાર્ય માટે અમે તેમના શિષ્ય-રત્ન પૂ. વિશાળવિજયજી મ૦ને વિનવ્યા, તેથી તેમણે પ્રથમ આવૃત્તિમાંથી, અને પાછળથી બીજી આવૃત્તિ માટે જે સામગ્રી એકત્રિત થયેલી છે તેમાંથી ચૂંટીને આ સંગ્રહ તૈયાર કરીને અમને આપ્યો, તે બદલ અમો અહીં તેમનો આભાર માનીએ છીએ.

પૂ. મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજે "શંખેશ્વર મહાતીર્થ"ના પ્રથમ ભાગની બીજી આવૃત્તિના "કિંચિત્ વક્તવ્ય"માં આવો સંગ્રહ પ્રગટ કરાવવાની જે ભાવના પ્રગટ કરેલી તે આ રીતે બર આવતાં અમે જનતા સમક્ષ મુકવાને ભાગ્યશાળી થયા છીએ.

છાપકામની અસહ્ય મોંઘવારીમાં આ પુસ્તિકા છપાઈ ને બહાર પડતી હોવાથી તેમાં ખર્ચ ઘણું લાગ્યું છે, અને સહાયતાં બિલકુલ મળી નથી. તો પણ વિશેષ પ્રચારની ઇચ્છાથી જ આ પુસ્તિકાની કિંમત માત્ર લાગત ખર્ચ જેટલી જ ૦-૮-૦ રાખવામાં આવી છે. તો આશા છે કે ગ્રાહકો આનો સારો લાભ ઉઠાવીને અમારા પ્રયત્નને સફળ બનાવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. જેઠીબાઈની જીવનરેખા


વલ્લભીપુર (વળા) વીશા ઓશવાળ જ્ઞાતિના ખાનદાન કુટુંબમાં જેઠીબાઈનો જન્મ સં. ૧૯૧૮માં થયો હતો. તેમના પિતાનું નામ શાહ કલ્યાણજી મોતીચંદ અને માતાનું નામ દેવબાઈ હતું.

જેઠીબાઈને ચાર ભાઈઓ અને બે બેનો હતી. તેમનાં નામ ક્રમશ: પાનાચંદ, ગુલાબચંદ, છગનલાલ, રતનશી, મોંઘીબાઈ અને રતનબાઈ હતાં. આ સાતેયમાં આજે માત્ર ગુલાબચંદભાઈ અને રતનશીભાઈ એ જ વિદ્યમાન છે. સૌમાં જેઠીબાઈ મોટાં હતાં.

તેમના કુટુંબમાં ભણતર કરતાં યે સંસ્કારનું વાતાવરણ પ્રબળ હતું. નાનપણથી જ જૈનધર્મમાં આસ્થા, અતિથિસત્કાર અને વિનીત વાણીનો વિવેક સૌના જીવનમાં સીંચાયો હતો. સૌ એકમેક પ્રત્યે તાણાવાણાના સ્નેહથી ઐચ્છિક રીતે જ બંધાયેલા લાગતા. જેઠીબાઈ પ્રથમ જન્મેલાં એટલે તેઓ કંઈક લાડકોડે પણ ઉછરેલાં તેથી જ્યારે પણ કોઈ વિવેકની મર્યાદા ઓળંગતું ત્યારે તેમના મન ઉપર અસર થઈ આવતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વ. જેઠીબાઈ

[શાન્તમૂર્તિ મુનિરાજ શ્રી. જયંતવિજયજી મહારાજનાં સંસારી માતુશ્રી]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય વયે તેમનાં લગ્ન વલભીપુરના જ રહેવાસી વીશા ઓશવાળ શાહ મનજી પ્રેમજીના નામથી પ્રસિદ્ધ કુટુંબમાં શા. હુકમચંદ કમળશી (હકા કમા) ના પુત્ર શા. ભૂરાભાઈ સાથે થયાં હતાં. ભૂરાભાઈને બે ભાઈ અને એક બેન હતી. બેન રળિયાતબાઈ તેમનાથી મોટાં હતાં અને બે ભાઈઓ નામે ભીખાભાઈ અને વનમાળી તેમનાથી નાના હતા. તેમાંથી અત્યારે કોઈ વિદ્યમાન નથી. શ્રી. ભીખાભાઈને કંઈ જ સંતાન નહોતું. જ્યારે વનમાળીભાઈને એક પુત્ર નામે માનચંદ અને ચાર પુત્રીઓ આજે વિદ્યમાન છે.

ભૂરાભાઈનો જન્મ સંવત ૧૯૧૮માં થયો હતો. તેમણે ગૂજરાતી ભાષાનો સ્થાનિક અભ્યાસ પૂરો કર્યા પછી તેઓ નાની ઉંમરે જ વેપારમાં જોડાઈ ગયા હતા ને થોડા જ સમયમાં સમગ્ર કુટુંબનો ભાર ઉપાડી લીધો હતો. તેઓ સ્વભાવે માયાળુ અને બુદ્ધિમાન હતા. જ્ઞાતિમાં સંઘમાં અને ગામની સમસ્ત પ્રજામાં તેઓ આપ્ત (માનનીય) ગણાતા. સંઘના દરેક કામમાં ભાગ લેતા અને ગામમાં ક્યાંઈ પણ ઝગડા કે વાંધાઓ હોય તેનો નિકાલ કરવામાં તેઓ પંચ તરીકે નીમાતા. વેપારમાં તેઓ બાહોશ અને સાહસી હતા. રાજ-દરબારમાં પણ તેમનો સારો પ્રભાવ હતો. તેમની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યકુશળતા હરેક કામમાં તરી આવતી. તેમના શરીરનો બાંધો મજબૂત અને મુખાકૃતિ પ્રભાવશાળી હતી. તેમનાં ૧૯ વર્ષની ઉંમરે લગ્ન થયેલાં અને સં. ૧૯૫૧ના માહા વદિ ૧૪ને દિવસે ૩૩ વર્ષની યૌવન વયમાં જ તેમનો દેહાંત થયો હતો. તેમને સંતાનમાં ત્રણ પુત્રો અને પુત્રીઓ હતાં. તેમનાં નામ ક્રમશઃ રાયચંદ, હરખચંદ, ભાઈચંદ, જડીબાઇ, અમૃતબાઈ અને હરકોર હતાં. એ સૌમાં આજે હરખચંદ અને અમૃતબાઈ વિદ્યમાન છે.

આ બંને ભાઈ-બેનને સંસારથી વિરક્તભાવ ઉપજ્યો અને હરખચંદે જગત્પ્રસિદ્ધ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીમાન વિજયધર્મસૂરિજી મહારાજ પાસે સંવત ૧૯૭૧ના વૈશાખ વદિ ૫ના રોજ દીક્ષા લઈ શ્રીજયંતવિજય નામ ધારણ કર્યું અને અમૃતબાઈએ સંવત ૧૯૮૬ના માગશર સુદ ૧૧ના દિવસે વયોવૃદ્ધ સાધ્વીજી શ્રી. ચંપાશ્રીજીનાં શિષ્યા સાધ્વીજી શ્રીતારા-શ્રીજીનાં શિષ્યા સાધ્વીજી 'શ્રીમંગળશ્રીજીનાં શિષ્યા તરીકે દીક્ષા લઈને શ્રીઈન્દ્રશ્રી નામ ધારણ કર્યું. તેઓ બંને આજે ચારિત્ર પાળે છે. મુનિરાજ શ્રી. જયંત-વિજયજી વિશે અહીં બીજું કંઈ જ ન કહેતાં એટલું જ કહેવું પર્યાપ્ત ગણીશું કે તેમણે ઇતિહાસના વિદ્વાનોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશિષ્ટ પ્રસિદ્ધિ મેળવી છે. તેમજ સ્વભાવે શાંત હોવાથી અને ચારિત્ર પાળવામાં પણ કડકપણે નિયમશીલ હોવાથી ગમે તે પક્ષના સાધુઓમાં આદર પ્રાપ્ત કરી શકયા છે.

આવાં રત્નપ્રસૂ માતા જેઠીબાઈએ લગ્ન પછી ગુજરાતીનો અભ્યાસ કરેલો અને તેને પરિણામે તેમણે ધાર્મિક અભ્યાસમાં પંચપ્રતિક્રમણ તથા ઘણાંજ સ્તવન સજ્ઝાય વગેરે કંઠસ્થ કરેલાં અને સાધુઓનાં વ્યાખ્યાનશ્રવણથી અનેક પ્રકારની ધાર્મિક વિગતો અને મહાપુરુષોનાં ચરિત્રો તેમને યાદ થઈ ગયેલાં. એ સંસ્કારો તેમના બાળકોમાં નાનપણથી પડેલા અને એને બળે તેમજ વિદ્યાવ્યાસંગના સંભારથી તેઓ વિરક્ત થયેલા.

જેઠીબાઈને વૈધવ્ય પ્રાપ્ત થતાં તેમણે પોતાનું જીવન ધર્મકરણીમાં વિશેષપણે જોડી દીધું. તેમણે ઉપાશ્રયમાં મુખ્ય શ્રાવિકા (સામેણ) તરીકે ઘણાં વર્ષો સુધી સેવા બજાવેલી અને સાધુ–સાધ્વીની ભક્તિનો ખૂબ લાભ લેતાં. પ્રાયઃ સમગ્ર સાધ્વી વર્ગમાં તેઓ ખૂબ જાણીતાં હતાં. સામાયિક, પ્રતિક્રમણ વગેરે ધાર્મિક ક્રિયા અને તપ–અનુષ્ઠાનમાં તેમની ખૂબ રુચિ હતી. તેમણે મોટી તપસ્યાઓમાં ૧૬ ઉપવાસ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધિતપ, સમવસરણ તપ, ત્રણે ય ઉપધાન, અને પરચૂરણ અનેક પ્રકારની તપસ્યાઓ કરેલી. તેમણે ગુજરાત–કાઠિયાવાડનાં તીર્થો ઉપરાંત આબુ, રાણકપુરની પંચતીર્થી, કેસરિયાજી અને સમેતશિખર વગેરે પૂર્વ દેશની યાત્રાઓ કરીને જીવન કૃતાર્થ કર્યું હતું.

આવા મુખ્ય મુખ્ય જીવન પ્રસંગો ઉપરાંત તેમનું સમગ્ર જીવન એકધારી ધાર્મિક રીતિનીતિના રાહે વ્યતીત થયું હતું.

તેઓ સંવત ૧૯૯૭ના માગશર સુદ ૬ના દિવસે લગભગ ૭૯ વર્ષની ઉંમરે સ્વર્ગવાસી થયાં. તેમના આત્માને શાંતિ મળો !

—પ્રકાશક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# — શુદ્ધિપત્રક —

| અશુદ્ધિ | શુદ્ધિ | પેજ | પંક્તિ |
| --- | --- | --- | --- |
| ०पार्श्वानाथ० | ०पार्श्वनाथ० | १ | १२ |
| सशांसे० | सशंखे० | २ | २१ |
| હરી | હરિ | ૫ | ૨૦ |
| स्वङ्गदो० | स्वङ्गदो० | ८ | १३ |
| छिडव्याल० | छिड्व्याल० | ८ | २३ |
| त्रैलोक्य० | त्रैलोक्य० | ९ | ३ |
| નિખલ | નિખિલ | ૯ | ૧૨ |
| કુયો | કુર્યો | ૧૦ | ૩ |
| सदुस्तार० | सुदुस्तार० | १४ | १३ |
| ०पयली० | ०पटली० | १६ | २ |
| निर्नाशयन्त्य० | निर्णाशयत्य० | १६ | १० |
| सकलैर्हिता० | सकलैहिता० | १७ | ७ |
| ०तोकादिभवाः | ०तोयादिभयाः | २० | १८ |
| पाश्वम् | पार्श्वम् | २१ | ६ |
| તું ૫૬ બહુ | તું ૫૨ બહુ | ૨૫ | ૧૬ |
| ઉવલેખી | ઉવેખી | ૩૧ | ૫ |
| કામ | કાય | ૩૧ | ૧૪ |
| તું જસ | તું જય | ૩૨ | ૧૮ |
| ભલેરી | ભલ્લરી | ૩૩ | ૬ |
| ચૂરવે | પૂરવે | ૩૭ | ૪ |
| આપતા | આપદા | ૩૭ | ૧૬ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| સેવેજી | સેવોજી | ૩૯ | ૮ |
| સુજ | તુજ | ૪૩ | ૧૫ |
| કરુણા ઠાકર | કરુણાકર ઠાકર | ૪૪ | ૧૮ |
| દરબાર | દરબારે | ૪૪ | ૨૧ |
| સોહી | સોતી | ૪૬ | ૨ |
| કરતી | કરત | ૪૭ | ૧૩ |
| ઉવેખે | ઉખેવે | ૫૧ | ૧ |
| થોડે ને | થોડે ન | ૫૩ | ૧૨ |
| બુધવારો | બુધવારે | ૫૯ | ૧૨ |
| વિરાજ્યા | વિરાજે | ૬૦ | ૧૦ |
| શિષ્યે | શિષ્ય | ૬૧ | ૧૩ |
| અહવો | એહવો | ૬૨ | ૧૪ |
| શ્રાવણે | શ્રવણે | ૬૨ | ૧૫ |
| ખરચે | ખરચૈ | ૬૩ | ૯ |
| અરચે | અરચૈ | ૬૩ | ૯ |
| उनको | उनसे | ૬૮ | ૨૨ |
| धनी | घनी | ૬૯ | ૪ |
| जावत | जोवत | ૬૯ | ૧૯ |
| वटकति | लटकति | ૬૯ | ૨૨ |
| बभईया | नभईया | ૭૦ | ૪ |
| थे | थें | ૭૦ | ૨૧ |
| जा | जी | ૭૦ | ૨૩ |
| सणो | सुणो | ૭૧ | ૨૧ |
| थे | थें | ૭૧ | ૧૧ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શંખેશ્વર સ્તવનાવલી

## પ્રભુ સન્મુખ ગાવાયોગ્ય સ્તુતિપદ્યો

[ १ ]

श्रीमद्गुर्जरदेशभूषणमणिं सर्वज्ञताधारकं
मिथ्याज्ञानतमःपलायनविधावुद्यत्प्रभं तापिनम् ।
पार्श्वस्थायुक्तपार्श्वयक्षपतिना संसेव्यपार्श्वद्वयं
श्रीसंखेश्वरपार्श्वनाथमहमानन्देन वन्दे सदा ॥

[ २ ]

ऐन्द्रश्रेणिनतावतंसनिकरभ्राजिष्णुमुक्ताफल-
ज्योतिर्जालसदाळवाललहरीलीलायितं पावितम् ।
यत्पादाद्भुतपारिजातयुगलं भाति प्रभाभ्राजितं
श्रीशंखेश्वरपार्श्वनाथजिनपं श्रेयस्करं संस्तुवे ॥

[ ३ ]

श्रीपार्श्वं तीर्थनाथं प्रशमरसमयं केवलानन्दयुक्तं
वामेयं पार्श्वयक्षैः सुरवरसहितैः सेवितं भूरिभक्त्या ।
यस्य स्नात्राभिषेकपृथुतरकमलैर्निर्जरा यादवाः स्युः
ख्यातं शंखेश्वरं तं त्रिभुवनविहितख्यातकीर्तिं नमामि ॥

[ ४ ]

जयति नमदनेकाखण्डलश्रेणिमौलि-
प्रकटमणिमयूखोद्योतिपादारविन्दः ।
भुवनविदितनामा ध्येयशंखेश्वरोऽयं
दुरितहरणपार्श्वः पार्श्वनाथः प्रसिद्धः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ५ ]

प्रणम्य पार्श्वं सुखकारिपार्श्वं
शंखेश्वराख्यं जिनराजमुख्यम् ।
दुष्टाष्टकर्मारिगणान् विजित्य
यः सिद्धिसाम्राज्यसुखं प्रपेदे ॥

[ ६ ]

शंखेश्वरं प्रणिदधे प्रकटप्रभावं
त्रैलोक्यभावनिवहावगमस्वभावम् ।
भावारिवारणहरिं हरिसेवनीयं ।
वामेयमीश्वरममेयमहोनिधानम् ॥

[ ७ ]

अनन्तविज्ञानमपास्तदोषं जिनेन्द्रमान्यं महनीयवाचम् ।
गृहं महिम्नां महसां निधानं शंखेश्वरं पार्श्वजिनं स्तवीमि ॥

[ ८ ]

जगत्प्रभावं कलितात्मभावं स्वच्छस्वभावं हतपापभावम् ।
देवेन्द्रवन्द्यं जगतां सुनन्द्यं शंखेश्वरं पार्श्वजिनं प्रवन्दे ॥

[ ९ ]

वन्दे श्रीशंखेश्वरपार्श्वं संकल्पकल्पतरुकल्पम् ।
विश्राणितसुरतल्पं ह्यविकल्पानल्पसञ्जल्पम् ॥

[ १० ]

श्रियः सशंखेश्वरपार्श्वतीर्थकृद् दधेऽर्थितार्थप्रथनान्मरुत्तरोः ।
अचूचुरच्चैत्यमचर्च्यं चारुतां सुमेरुशृङ्गस्य तदा तदासनम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ११ ]

इहास्ति शंखेश्वरतीर्थमद्भुतं
सनाथकं पार्श्वजिनाभिभूभुजा ।
भुजङ्गमानां यमुपप्लवे भजन्
नतेन मूर्ध्ना हरिरग्रहीदपः ॥

[ १२ ]

सकलसुरासुरवन्द्यं हृद्यगुणं जगदनिन्द्यमहिमानम् ।
श्रीशंखेश्वरपुरवरमण्डनमभिनौमि पार्श्वजिनम् ॥

[ १३ ]

जरा जरासन्धनृपेण मुक्ता
निश्चेष्टमातेनुषी कृष्णसैन्यम् ।
पलायिता यत्स्नपनाम्बुना तं
शंखेश्वरं पार्श्वजिनं नमामि ॥

[ १४ ]

महानन्दकल्याणगेहं सुदेहं
लसद्सिद्धिरामावरं साधुगेहम् ।
अनन्तप्रभावं जितद्वेषमाशु
स्तुवे पार्श्वशंखेश्वरं सौख्यकारम् ॥

[ १५ ]

ॐ नमो विश्वविख्यातकीर्त्तये स्फारमूर्त्तये ।
श्रीशंखेश्वरपार्श्वाय त्रैलोक्याह्लादकारके ॥

[ १६ ]

ॐ नमः परमानन्दनिधानाय महस्विने ।
शंखेश्वरपुरोत्तंसपार्श्वनाथाय तायिने ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ १७ ]

जयत्यभिनवः कोऽपि शंखेश्वरदिनेश्वरः ।
त्रिविष्टपोद्योतहेतुर्नरक्षेत्रस्थितोऽपि यः ॥

[ १८ ]

केवलालोकवत् त्रैकालिकीमुल्लासयन् धियम् ।
श्रीमान् शंखेश्वरः पार्श्वो वितनोतु सतां श्रियम् ॥

[ १९ ]

सच्चिदानन्दसंपूर्णं विश्वज्ञं विश्वपावनम् ।
शंखेश्वरपुरोत्तंसं पार्श्वनाथं नमाम्यहम् ॥

[ २० ]

वामेयं महिमाऽमेयं श्रीशंखेश्वरनामकम् ।
संसारार्णवबोहित्थं वन्दे सर्वार्थसिद्धिदम् ॥

[ २१ ]

शंखेश्वरपुराधीशं श्रेयोवल्लीवनाम्बुदम् ।
विघ्नौघमत्तमातङ्गपञ्चास्यं श्रीजिनं भजे ॥

---

## પ્રભુ સન્મુખ ગાવાયોગ્ય દુહાએ।

[ ૧ ]

સકલ સમીહિત પૂરવા, કલ્પવૃક્ષ અવતાર;
પાર્શ્વ પ્રભુ પ્રસન્ન સદા, શંખેશ્વર સુખકાર.

[ ૨ ]

સકલ મનોરથ પૂરવા, મંગળકેલિનિવાસ;
વામાનંદન વંદિએ, શ્રીશંખેશ્વર પાસ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૩ ]

પ્રણમું પ્રેમે પાસ જિન, શ્રીશંખેશ્વર દેવ;
સુરનર વર કિંનર સદા, જેહની સારે સેવ.

[ ૪ ]

સકલ ગુણાકર પાસજી, શંખેશ્વર અભિરામ;
મનવંછિત સુખ સંપજે, નિત સમરંતાં નામ.

[ ૫ ]

સયલ સુહંકર પાસજી, શંખેશ્વર સરદાર,
શંખેશ્વર કેશવ જરા, હરત કરત ઉપકાર.

[ ૬ ]

શ્રીશંખેશ્વર સાહિબો, સુરતરુ સમ અવદાત;
પુરિસાદાણી પાસજી, ખટ દર્શન વિખ્યાત.

[ ૭ ]

સકલ સિદ્ધિદાયક સદા, શંખેશ્વર પ્રભુ પાસ;
પ્રણમું પદકજ પ્રેમથી, આણી મન ઉલ્લાસ.

[ ૮ ]

સકલ કુશલ કમલાવલ્લી, ભાસક ભાણુ સમાન;
શ્રીશંખેશ્વર પાસના, ચરણ નમું ધરી ધ્યાન.

[ ૯ ]

શ્રીશંખેશ્વર પાસજી, હરી જરા હરનાર.
તસ પ્રણમું પ્રેમેં કરી, શિવરમણી ઉરહાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૧૦ ]

શ્રીશંખેશ્વર પાસજી, પ્રણમું એહના પાય;
અશ્વસેન રાજા કુળે, જનમ્યા શ્રીજિનરાય.

[ ૧૧ ]

દુરિત ટલે વંછિત ફલે, જાસ નામ સમરંત;
શ્રીશંખેશ્વર પાસ જિન, તે પ્રણમું એકાંત.

[ ૧૨ ]

શ્રીશંખેશ્વરપુર ધણી, પ્રણમી પાસ જિણંદ;
નામ જપંતાં જેહનું, આપે પરમાણંદ.

[ ૧૩ ]

શ્રીશંખેશ્વર પાસ જિન, પ્રણમો પય અરવિંદ;
આસસેન નૃપ કુલતિલો, વામાદેવી નંદ.

[ ૧૪ ]

ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર નર, સેવા સારે સાર;
પાસ શંખેશ્વર પ્રણમતાં, સફલ હુઓ અવતાર.

[ ૧૫ ]

શ્રીશંખેશ્વર સુખકરુ, નમતાં નવે નિધાન;
વિઘન વિદારણ વીરવર, વસુધા વાધ્યો વાન.

[ ૧૬ ]

શ્રીશંખેશ્વર પાસ જિન, પ્રણુત પુરંદર દેવ;
અલિય વિઘન દૂરે હરે, કરે જાસ સુર સેવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૧૭ ]

શ્રીશંખેશ્વર પાસજી, મોટો મહિમા જાસ;
ચિંતામણિ ચિંતા હરી, આપે લીલ વિલાસ.

[ ૧૮ ]

સુખકર શંખેશ્વર પ્રભુ, પ્રણમી શુભગુરુ પાય;
શાસન નાયક ગાઈશું, શુદ્ધમન જિનરાય.

[ ૧૯ ]

સકલ સમીહિત સુરલતા, સીંચન નવ જલધાર;
શ્રીસંખેશ્વર પાસજી, પ્રણમું પ્રાણ આધાર.

[ ૨૦ ]

સકલ મનોરથ પૂરવે, શ્રીસંખેશ્વર પાસ;
પરતા પૂરણ પ્રણમીએ, લહીએ લીલ વિલાસ.

[ ૨૧ ]

અશ્વસેન કુલધ્વજ સમો, વામા કેરો નંદ;
શ્રીશંખેશ્વર પ્રણમતાં, હોવે નિત આનંદ.

---

## ચૈત્યવંદનો.

### श्रीशंखेश्वरजिनचैत्यवन्दनम् ।

( शालिनीछन्दः )

गौडीग्रामे स्तम्भने चारुतीर्थे
जीरापल्यां पत्तने लोद्रवाख्ये ।
वाणारस्यां चापि विख्यातकीर्ति
श्रीपार्श्वेशं नौमि शङ्खेश्वरस्थम् ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इष्टार्थानां स्पर्शने पारिजातं
वामादेव्या नन्दनं देववन्द्यम् ।
स्वर्गे भूमौ नागलोके प्रसिद्धं
श्रीपार्श्वेशं नौमि शङ्खेश्वरस्थम् ॥ २ ॥
भित्वाऽभेद्यं कर्मजालं विशालं
प्राप्यानन्तं ज्ञानरत्नं चिरन्तम् ।
लब्धामन्दानन्दनिर्वाणसौख्यं
श्रीपार्श्वेशं नौमि शंखेश्वरस्थम् ॥ ३ ॥
विश्वाधीशं विश्वलोके पवित्रं
पापागम्यं मोक्षलक्ष्मीकलत्रम् ।
अम्भोजाक्षं सर्वदा सुप्रसन्नं
श्रीपार्श्वेशं नौमि शङ्खेश्वरस्थम् ॥ ४ ॥
वर्षे रम्ये खङ्कदोर्नागचन्द्र-
सङ्ख्ये मासे माधवे कृष्णपक्षे ।
प्राप्तं पुण्यैर्दर्शनं यस्य तं च
श्रीपार्श्वेशं नौमि शङ्खेश्वरस्थम् ॥ ५ ॥

---

## [ २ ]

### श्रीशङ्खेश्वरपार्श्वजिनचैत्यवन्दनम् ।

ॐ नमः पार्श्वनाथाय विश्वचिन्तामणीयते
ह्रीं धरणेन्द्रवैरोट्यापद्मावतीयुताय ते ॥ १ ॥
शान्तितुष्टिमहापुष्टिधृतिकीर्तिविधायिने ।
ॐ ह्रीं द्विड्व्यालवेतालसर्वाधिव्याधिनाशिने ॥ २ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जयाऽजिताख्या विजयाख्याऽपराजितयाऽन्वितः ।
दिशां पालैर्ग्रहैर्यक्षैर्विद्यादेवीभिरन्वितः ॥ ३ ॥
ॐ असिआउसाय नमस्तत्र त्रैलोक्यनाथताम् ।
चतुःषष्टिः सुरेन्द्रास्ते भासन्ते छत्रचामरैः ॥ ४ ॥
श्रीशङ्खेश्वरमण्डन! पार्श्वजिन! प्रणतकल्पतरुकल्प! ।
चूरय दुष्टव्रातं पूरय मे वाञ्छितं नाथ! ॥ ५ ॥

---

[ ૩ ]

## શ્રીપદ્મવિજયજી શિષ્યશ્રીરૂપવિજયજીવિરચિત શ્રીશંખેશ્વરપાર્શ્વજિનચૈત્યવંદન

સકલ ભવિજન ચમત્કારી ભારી મહિમા જેહનો,
નિખલ આતમ-રમા-રાજિત નામ જપીએ તેહનો;
દુષ્ટ કર્માષ્ટક ક્ઝિરી ભવિકજન મન સુખ કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ શંખેસરો.૧
બહુ પુન્યરાશી દેશ કાશી તત્થ નગરી વાણારશી,
અશ્વસેન રાજા રાણી વામા રૂપે રતિ તનુ સારસી;
તસ કુખે સુપન્ન ચૌદ સૂચિત સ્વર્ગથી પ્રભુ અવતર્યો,
નિત્યજાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ શંખેસરો.૨
ત્રણ લોક તરુણી મન પ્રમોદી તરુણ વય જબ આવીયા,
તવ માત તાતે પ્રણય ચાંતે ભામિની પરણાવીયા;
કમઠ શઠકૃત અગ્નિકુંડે નાગ બળતો ઉધર્યો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ શંખેસરો.૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોષ માસે કૃષ્ણ પક્ષે દશમી દિન પ્રભુ જનમીયા,
સુરકુંભે સુરપતિ ભક્તિભાવે મેરુશૃંગે સ્નાપીયા;
પ્રભાતે પૃથ્વીપતિ પ્રમોદે જન્મ મહોત્સવ અતિ કર્યો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ શંખેસરો.૪

પોષ વદી એકાદશી દિન પ્રવ્રજ્યા જિન આદરે,
સુર અસુરરાજી ભક્તિ તાજી સેવના ઝાઝી કરે;
કાઉસગ્ગ કરતાં દેખી કમઠે કીધ પરિસહ આકરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ શંખેસરો.૫

તપ ધ્યાનધારારૂઢ જિનપતિ મેઘધારે નવિ ચળ્યો,
તિહાં ચલિત આસન ધરણ આયો કમઠ પરિસહ અટકળ્યો;
દેવાધિદેવની કરી સેવા કમઠને કાઢી પરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ શંખેસરો.૬

ક્રમે પામી કેવળજ્ઞાનકમલા સંઘ ચઉવિહ સ્થાપીને,
પ્રભુ ગયા મોક્ષે સમેતશિખરે માસ અણસણ પાળીને;
શિવરમણી રંગે રમે રસિયો ભવિક તસ સેવા કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ શંખેસરો.૭

ભૂત પ્રેત પિશાચ વ્યંતર જલણ જલોદર ભય ટળે,
રાજરાણી રમા પામે ભક્તિભાવે જો મળે;
કલ્પતરુથી અધિક દાતા જગતત્રાતા જય કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ શંખેસરો.૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરા જર્જરી ભૂત યાદવ સૈન્ય રોગ નિવારતા,
વઢીયાર દેશે નિત બિરાજે ભવિક જીવને તારતા;
એ પ્રભુતણાં પદ પદ્મ સેવા રૂપ કહે પ્રભુતા વરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ શંખેસરો.૯

---

(૪)

## શંખેશ્વરજિનચૈત્યવંદન

શ્રીશંખેશ્વર ગામમાં, શ્રી શંખેશ્વર પાસ;
તિહાં બેઠા પ્રભુ પૂરવે, સહુ કેરી આસ. ૧
ઠાંમ ઠાંમના તિહાં મિલે, બહુ સંઘ અપાર;
પૂજે પ્રણમે ને થુણે, કેઈ કેઈ કરે જુહાર. ૨
તેહના વંછિત પૂરવે એ, પ્રભુજી પાસ જિણંદ;
દેખાવે મહિમા ઘણો, પોમાવઈ ધરણિંદ. ૩

---

## સ્તવનો

### श्रीमुनिचन्द्रसूरिप्रणीतं
### श्रीशङ्खेश्वरपार्श्वनाथस्तवनम् ।

समस्तकल्याणनिधानकोशं
वामाङ्गकुक्ष्येकमृणालहंसम् ।
अलङ्कृतेक्ष्वाकुविशालवंशं
वन्दे सदा शङ्खपुरावतंसम् ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आराधितः श्रीऋषभस्य काले
विद्याधरेन्द्रेण नमीश्वरेण ।
पूर्वं हि वैताढ्यगिरौ जिनं तं
वन्दे सदा शङ्खपुरावतंसम् ॥ २ ॥
यः पूजितः पन्नगनायकेन
पातालभूमौ भवनाधिपेन ।
कालं कियन्तं जिननायकं तं
वन्दे सदा शङ्खपुरावतंसम् ॥ ३ ॥
यदा जरासन्धजयोद्यतेन
कृष्णेन नेमीश्वरशासितेन ।
पातालतो बिम्बमिदं तदानी-
मानीय संस्थापितमेव तीर्थम् ॥ ४ ॥
जराऽऽर्तभूतं स्वबलं विलोक्य
यत्स्नात्रपीयूषजलेन सिक्तम् ।
सज्जीकृतं तत्क्षणमेव सर्वं
वन्दे सदा शङ्खपुरावतंसम् ॥ ५ ॥
पञ्चाशदादौ किल पञ्चयुक्ते
एकादशे वर्षशते व्यतीते
निवेशितः सज्जनश्रेष्ठिनाऽयं
वन्दे सदा शङ्खपुरावतंसम् ॥ ६ ॥
काले कलौ कामगवी प्रणष्टा
चिन्तामणिः कल्पतरुश्च नष्टः ।
धत्ते ह्यसौ तत्प्रतिहस्तकत्वं
वन्दे सदा शङ्खपुरावतंसम् ॥ ७ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रभूतरोगेण विनष्टदेह

आराध्य यं दुर्जनशल्यदेवः ।

चकार देहं मदनस्य तुल्यं

वन्दे सदा शङ्खपुरावतंसम् ॥ ८ ॥

राज्यार्थिनां राज्यसुखप्रदाता

सुतार्थिनां सन्ततिदायको यः ।

नेत्रार्थिनां लोचनदोऽसि नित्यं

वन्दे सदा शङ्खपुरावतंसम् ॥ ९ ॥

इति स्तुतः श्रीमुनिचन्द्रसूरिणा

कृपाकरः शङ्खपुरावतार ! ।

प्रबन्धकादौ प्रणतासुभाजां

प्रयच्छ नित्यं निजपादसेवाम् ॥ १० ॥

---

## [ २ ]

## श्रीहंसरत्नविरचितं श्रीशंखेश्वरनाथस्तोत्रम् ।

महानन्दलक्ष्मीघनाश्लेषसक्त !

सदा भक्तवाञ्छाविदानाभियुक्त ! ।

सुरेन्द्रादिसम्पल्लतावारिवाह !

प्रभो ! पार्श्वनाथाय नित्यं नमस्ते ॥ १ ॥

नमस्ते लसत्केवलज्ञानधारिन् !

नमस्ते महामोहसंहारकारिन् ! ।

नमस्ते सदानन्दचैतन्यमूर्त्ते !

नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥ २ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नमस्ते जगज्जन्तुरक्षासुदक्ष !
नमस्तेऽनभिज्ञाततत्त्वैरलक्ष्य ! ।
नमस्तेऽव्ययाचिन्त्यविज्ञानशक्ते !
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥ ३ ॥
नमस्ते महादर्पकन्दर्पजेत-
र्नमस्ते शुभध्यानसाम्राज्यनेतः ! ।
नमस्ते मुनिस्वान्तपाथोजभृङ्ग !
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥ ४ ॥
नमस्ते सदाचारकासारहंस ! ।
नमस्ते कृपाधार ! विश्वावतंस !
नमस्ते सुरप्रेयसीगीतकीर्ते !
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥ ५ ॥
नमस्ते सदुस्तारसंसारतायिन् ।
नमस्ते चतुर्वर्गसंसिद्धिदायिन् ! ।
नमस्ते परब्रह्मशर्मप्रदायिन् ।
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥ ६ ॥
नमस्तेऽमितागण्यकारुण्यसिन्धो !
नमस्ते त्रिलोक्याप्तसम्बन्धबन्धो !
नमस्ते त्रिलोकीशरण्याय नाथ !
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥ ७ ॥
नमस्ते सुरेन्द्रादिसंसेव्यपाद !
नमस्ते नतेभ्यः सदा सुप्रसाद ! ।
नमस्ते तमःस्तोमनिर्नाशभानो !
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥ ८ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नमस्ते विभो ! सर्वविद्यामयाय
नमस्ते लसल्लब्धिलीलायुताय ।
नमस्तेऽसमश्रेष्ठदेवेश्वराय
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥ ९ ॥

जय त्वं जगन्नेत्रपीयूषपात्र !
जय त्वं सुधांशुप्रभागौरगात्र ! ।
जय त्वं सत्‌ मन्मनःस्थायिमुद्र !
जय त्वं जय त्वं जय त्वं जिनेन्द्र ! ॥१०॥

इत्थं स्वल्पधियाऽपि भक्तिजनितोत्साहान्मया संस्तुतः
श्रीशंखेश्वरपार्श्वनाथ ! नतसद्भक्तैकचिन्तामणे ! ।
सर्वोत्कृष्टपदप्रदानरसिकं सर्वार्थसंसाधकं
तन्मे देहि निजाङ्घ्रिपद्मविमलश्रीहंसरत्नायितम् ॥११॥

---

[ २ ]

## संभवतः श्रीयशोविजयोपाध्यायविरचितं श्रीशङ्खेश्वरपार्श्वजिनस्तवनम् ।

ऐंकारस्मृतिसावधानमनसा स्तोतुं प्रवर्त्ते महा-
मोहापोहपरायणं जनमनोऽभीष्टार्थसार्थप्रदम् ।
श्रीशङ्खेश्वरभूषणं भगवतामग्रेसरं वासव-
श्रेणीवेणिमिलत्प्रसूनपटलीमाध्वीकधौतक्रमम् ॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मूर्तिस्ते जिनराज ! राजति जगद्दारिद्र्यविद्राविणी
स्वर्योषिन्नयनोन्मदालिपयलीपेपीयमानप्रभा ।
शारीरान्तरदुःखतापजनितं खेदं नयन्ती व्ययं
वल्लिः कल्पतरोरिव त्रिभुवनप्रख्यातसौरभ्यभूः ॥२॥

कामं दर्शनतोऽपि मन्नयनयोरुल्लासमातन्वती
मच्चेतःकुमुदं विकासयितुमप्यह्नाय बद्धादरा ।
मद्ध्यानार्णवपूरपूरणपटुः स्वामिंस्तवोल्लासिनी
मूर्तिः किञ्चन चन्द्रकान्तलहरीप्रागल्भ्यमभ्यस्यति॥३॥

मूर्तिस्ते महनीयमोहमदिरोद्गारावघूर्णद्दशां
व्याक्षेयं परमौषधीव नियतं निर्नाशयन्त्यञ्जसा ।
येषां लोचनगोचराश्चिरमभूद् रोमाञ्चपुष्पाञ्चिताः
ते किं नाम नमन्ति वामनयनालावण्यलक्ष्मीजुषः ॥४॥

मूर्त्तिस्ते स्नपनैर्न विभ्रमभरैः सांवर्त्तिकैश्चुक्षुभे
पौलोमीचललोचनाञ्चलमिलद्भ्रूभङ्गसंसर्गिभिः ।
आबिभ्रत्कमठोपसर्गसहनी धैर्यप्रधानक्षमा
स्वामिंस्तत्किममन्दमन्दरगिरिस्पर्द्धासमृद्धादरा ॥५॥

धाम ध्यायसि यत् पुरा त्रिजगतीधामातिशाधि स्फुरन्
तत्सङ्क्रान्तिवशादिवेयमनिशं मूर्त्तिस्तवोद्योतिनी ।
अङ्गुष्ठात् पुरतस्तव क्रमभवादिङ्गाललीलावहं
नोचेत् सर्वसुरासुरैः कथमहो शक्त्या जितं रूपकम् ॥६॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अद्यावद्यकलापतापदलनक्रीडामिवातन्वती
मूर्तिः स्फूर्तिमती लता सूरतरोर्मूर्त्ता मयोद्वीक्षिता ।
ब्रह्मज्ञानकलाविलासकुशलव्यापारपारङ्गतै-
र्योगीन्द्रैरनुभूतवैभवविभो ! तेनानुमन्ये जनैः ॥७॥
मूर्त्तिस्ते प्रविभाति मोहतिमिरप्रध्वंसभानुप्रभा
मूर्तिस्ते भवसिन्धुमध्यनिपतद्भव्योद्धृतौ नौर्दृढा ।
मूर्तिस्ते सकलैर्हितार्थपटलीसम्पूरणे कामगौ-
र्मूर्तिस्ते मम तीर्थनाथ ! सततं श्रेयःश्रिये कल्पताम् ॥८॥
प्रातर्योऽष्टकमेतत् प्रमुदितचेताः प्रभोः पुरः पठति ।
कष्टसहस्रं तीर्त्वा लभतेऽसौ परममानन्दम् ॥९॥

---

[ ४ ]

## श्रीशङ्खेश्वरजिनस्तवः ।

यस्य ज्ञानदयासिन्धोर्दर्शनं श्रेयसे ध्रुवम् ।
स श्रीमान् पार्श्वतीर्थेशो निषेव्यः सततं सताम् ॥१॥
वामासूनोर्यशःपुञ्जैरगाधस्यानघा गुणाः ।
स्मर्यन्ते येन स स्मार्यो भवेत् प्राचीनबर्हिषाम् ॥२॥
विहाय विषयासक्तान् सांसारिकसुरासुरान् ।
सेव्यतामक्षयो धीराः ! पार्श्वदेवः परः प्रभुः ॥३॥
जिनाः सर्वार्थदानेन येन कल्पद्रुमा अपि ।
भवेदभ्यर्चितो लोके स श्रिये चामृताय च ॥४॥
संस्तुतो मधुरश्लोकैर्जैनलाभप्रदायकः ।
कल्याणकारको भूयात् श्रीमान् शङ्खेश्वरः प्रभुः ॥५॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ५ ]

## जगत्पूज्यश्रीमद्विजयधर्मसूरिगुरुभिः विरचितं श्रीशङ्खेश्वरपार्श्वनाथाष्टकम् ।

श्रेयःपतिं श्रीनरदेवपारगं
सदा सदाचारविचारपारगम् ।
भक्त्या जनानां सुखदानतत्परं
नमामि शङ्खेश्वरधामसंस्थितम् ॥ १ ॥

कृतोपसर्गं कमठेन कर्मठं
तथापि निश्चिन्तनिबाधमानसम् ।
विधूतदुःखं समतासरोवरं
नमामि शङ्खेश्वरधामसंस्थितम् ॥ २ ॥

भवाटवीं बम्भ्रमता मया नुतं
भवाब्धिपोतं सुविशाललोचनम् ।
सदा प्रसन्नं सुखशान्तिकारकं
नमामि शङ्खेश्वरधामसंस्थितम् ॥ ३ ॥

अगाधसिद्धान्तपयोधिशेवधि-
मनाथनाथं सततं सुबोधिदम् ।
कृतापराधेषु जनेषु शान्तिदं
नमामि शङ्खेश्वरधामसंस्थितम् ॥ ४ ॥

कषायघर्मं निकषायचित्तकं
सुसाधुसङ्घे विकथादिवाकरम् ।
अज्ञानमूढे सुकृतादिदेशकं
नमामि शङ्खेश्वरधामसंस्थितम् ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कषायदावानलदाहनीरदं
कुसङ्गसङ्गादिविषाहिमन्त्रवम् ।
अनादिसंसारविकारजायुदं
नमामि शङ्खेश्वरधामसंस्थितम् ॥ ६ ॥

सदागमादेर्नितरां प्ररूपकं
कुवासनादेः प्रबलं विडम्बकम् ।
अनेकविघ्नालिविपत्तिनाशकं
नमामि शङ्खेश्वरधामसंस्थितम् ॥ ७ ॥

यस्य प्रसादेन जगज्जनाना-
मनादिजन्यं क्षयमेति पापम् ।
तं देववन्द्यं सुरराजसेव्यं
नमामि भक्त्या प्रभुपार्श्वदेवम् ॥ ८ ॥

---

[ ६ ]

## श्रीभावप्रभविरचितं
## श्रीशङ्खेश्वरपार्श्वनाथाष्टकम् ।

श्रीसद्म पद्मापतिपूजिताङ्गं
स्नात्राम्भसो जातजयं जरान्तात् ।
सत्प्रातिहार्येण सदा सनाथं
नमामि शङ्खेश्वरपार्श्वनाथम् ॥ १ ॥

लीलागृहं मङ्गलबालिकायाः
सुखाऽऽसिकायाः प्रवरं वदान्यम् ।
यमीश्वरं निर्मलयोगनाथं
नमामि शङ्खेश्वरपार्श्वनाथम् ॥ २ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गलत्प्रभावं कमठस्य कष्टं
व्यालस्य बाल्येऽपि कृतं हि येन ।
तं नित्यसेवाऽऽगतनागनाथं
नमामि शङ्खेश्वरपार्श्वनाथम् ॥ ३ ॥
मुखश्रिया निर्जितचारुचन्द्रं
सद्भूषणाभूषितदिव्यदेहम् ।
प्रभावतीप्रेमरसैकनाथं
नमामि शंखेश्वरपार्श्वनाथम् ॥ ४ ॥
अनेकदेशाऽऽगतयात्रिकाणां
मनोऽभिलाषं ददसे समक्षम् ।
गम्भीरताहारितसिन्धुनाथं
नमामि शंखेश्वरपार्श्वनाथम् ॥ ५ ॥
कल्पद्रुचिन्तामणिमुख्यभावा
इच्छाफलं देहभृतां फलन्ति ।
यन्नामतस्तं श्रितनाकिनाथं
नमामि शंखेश्वरपार्श्वनाथम् ॥ ६ ॥
रोगा वियोगा रिपवो गरिष्ठाः
शोकाग्नितोकादिभवाः प्रयान्ति ।
नाशं यतः शान्ततयोडुनाथं
नमामि शंखेश्वरपार्श्वनाथम् ॥ ७ ॥
भावप्रभेणाभिहितं यदेतत्
स्तुत्यष्टकं दुष्टविघातकारि ।
तत्त्वं सदाऽभिष्टदपार्श्वनाथं
नमामि शंखेश्वरपार्श्वनाथम् ॥ ८ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ७ ]

## श्रीशङ्खेश्वरपार्श्वजिनस्तवः

यदीयपादाम्बुरुहि प्रसक्ता
भवन्ति ते पूरितकामिताशाः ।
सुधाशनैस्सेवितपादपार्श्वं
नवीमि तं शङ्खपुरीशपार्श्वम् ॥ १ ॥
सुमालनीलोत्पलशालिदेहं
विशालसौभाग्यगुणैकगेहम् ।
कुवादिवल्लीनिकरैकपर्शुं
नवीमि तं शङ्खपुरीशपार्श्वम् ॥ २ ॥
मनोज्ञकैवल्यकृतानुरागं
विनिद्रपुष्पोच्चयपूजिताङ्गम् ।
अनेकशान्तादिगुणाधिवासं
नवीमि तं शङ्खपुरीशपार्श्वम् ॥ ३ ॥
यदीयभालेन विनिर्जितेन्दु-
र्विहायसि भ्राम्यति लज्जितः सन् ।
कुवादिसारङ्गसुरज्जुपाशं
नवीमि तं शङ्खपुरीशपार्श्वम् ॥ ४ ॥
इत्थं स्तुतो जिनवरो भवकर्मवेदी
पीयूषपायिपतिभिः कृतपूजिताङ्गः ।
शङ्खाह्वपत्तननिवासनिवासरागी
सौख्याय मे भवतु सज्जयसारशाली ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૮ ]

## શ્રીકુંયરવિજયશિષ્ય વિરચિત
## શ્રીશંખેશ્વરજિનસ્તવન

પ્રહ ઉઠી પ્રણમેં પાસમુદા,
તે પામે પરમાનંદ સદા;
તસ દેસ વિદેસ જસ પ્રસરેં,
સંખેસર સાહિબ જે સમરેં. (૧)
સુરનરપતિ અરચિત પદચરણું,
ભવભયપીડિત જિન ! તુમ શરણું;
તસ દોહગ સવિ દૂર હરે, સંખેસર૦ (૨)
તુજ દેહ વિભાવિત મેઘઘટાં,
તુમ દરિસણ અમૃત જેમ છટાં;
તસ મંદિર લક્ષ્મી લીલ કરે, સંખેસર૦ (૩)
ગજ કેસરી દહન ફણીધરણું,
જલરાશિ મહોદર બંધ ઘણું;
એ સમ મહાભય ભય ન કરેં, સંખેસર૦ (૪)
નિરખ્યો મહીમંડલ મેં તુજ થકી,
અતિશય અધિક કોઈ દેવ નથી;
ભવજલનિધિ દુસ્તર તેહ તરે, સંખેસર૦ (૫)
પ્રભુરૂપ સ્વરૂપ લિખિ ન સકેં,
પર દરસણ નામેં તે ન ટકેં;
ઘેર બેઠાં તે હિજ જોખ કરેં, સંખેસર૦ (૬)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંઠ ઠવે તુજ સ્તુતિમાલા,
તે પામે સઘલે જયમાલા;
ચિતચિંતિત તેહનાં કાજ સરે, સંખેસર૦ (૭)

તેહને ઉછરંગ સદૈવ ઘણું,
કાંઈ ઋદ્ધિવૃદ્ધિ સુખ પુત્રતણું,
અતિ સંકટ વિકટથી તે ન ડરે, સંખેસર૦ (૮)

અતિ દુર્જય કામ નિઃકામ કર્યો,
ત્રિહું લોક લગે ઉપગાર કર્યો;
સુંદર શિવ રામા તેહ વરે, સંખેસર૦ (૯)

અમૃત પેં મીઠી તુજ વાણી,
જે બિરુદ ધારેં પુરુસાદાણી;
જગ અવિચલ વાચા તાસ કુરે, સંખેસર૦ (૧૦)

ધન વામા જનની તુમ જાયા,
અશ્વસેન નરેસર કુલ આયા;
તુમ નામ થકી બહુ સુખ પાયા,
બુધ કુંયરવિજયશિષ્ય ગુણ ગાયા. (૧૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૯ ]

## રૂપવિબુધશિષ્ય મોહનવિજયજીવિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

(ઓલે પડવે સસરો સૂતો, પડેલે પડવે માજી–એ દેશી.)

રહેને રહેને અલગી રહેને,
હાંજી કાંઈ કુમતિ પડી છે કેડે;
હાંજી કાંઇ તુજ દૂતિને કોણ તેડે,
હાંજી તું મુજને શાને છેડે. અલગી૦ (૧)

તેં મુજ મોહ મહામદ પાયો,
તેણે હું થયો મતવાલો;
તૃષ્ણાતરુણી આણી પેલી;
વચમાં કરીય દલાલો. અ૦ (૨)

કામ નટવો તું તેડી આવી,
તેણે પણ માંડી બાજી;
મિથ્યા ગીત તણે ભણકારે,
મુજને કીધો રાજી. અ૦ (૩)

નરક નિગોદ તણા મંદિરમેં,
પાતક પલંગ બિછાયો;
મુજને ભોલવી ત્યાં બેસાડયો,
પણ સુમતિએ સમજાવ્યો. અ૦ (૪)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તવ મેં મદિરા છાક નિવારી,
સમકિત સુખડી ચાખી;
ઉપશમરસ સુધારસ પીધો,
ચિત્તે ચેતનતા રાખી. અ૦ (૫)
શ્રીસંખેસર ચરણ સરોરુહ,
લાગી ધ્યાનની તાલી;
રૂપવિબુધનો મોહન પભણે,
જિનગુણસૂતલટકાળી. અ૦ (૬)

[ ૧૦ ]

## રૂપવિબુધશિષ્ય મોહનવિજયજીવિરચિત શંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

પ્રભુ જગજીવન જગબંધુરે, સાંઈ સયાણો રે;
તારી મુદ્રાએ મન માન્યું રે, જૂઠ ન જાણો રે;
તું પરમાતમ! તું પુરુષોતમ!
વાલા મારા તું પર બ્રહ્મ સ્વરૂપી;
સિદ્ધિસાધક સિદ્ધાંત સનાતન,
તું ત્રય ભાવે પ્રરૂપીરે.
સાંઈ સયાણો રે–તારી૦ (૧)
તારી પ્રભુતા ત્રિહું જગમાંહે, વા૦
પણ મુજ પ્રભુતા મોટી;
તુજ સરીખો માહરે મહારાજા,
માહરે નહિ કાંઈ ખોટરે. સાં૦ (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તું નિરદ્રવ્ય પરમપદ વાસી, વા૦
હું તો દ્રવ્યનો ભોગી;
તું નિરગુણ હું તો ગુણધારી,
હું કરમી તું અભોગી રે. સાં૦ (૩)
તું તો અરૂપી ને હું રૂપી, વા૦
હું રાગી તું નિરાગી;
તું નિરવિષ હું તો વિષધારી,
હું સંગ્રહી તું ત્યાગી રે. સાં૦ (૪)
તાહરે રાજ નથી કોઈ એકે, વા૦
ચૌદ રાજ છે માહરે;
માહરી લીલા આગળ જોતાં,
અધિકું શું છે તાહરે રે. સાં૦ (૫)
પણ તું મોટો ને હું છોટો, વા૦
ફોગટ ફુલ્યે શું થાય,
ખમજો એ અપરાધ અમારો;
ભક્તિવશે કહેવાય રે. સાં૦ (૬)
શ્રીશંખેશ્વર વામાનંદન, વા૦
ઊભા ઓલગ કીજે;
રૂપ વિબુધનો મોહન પભણે,
ચરણની સેવા દીજે રે. સાં૦ (૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૧૧ ]

## શ્રીજ્ઞાનવિમલસૂરિવિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

( રાગ–વાલ્હેસરની દેશી )

પાસ શંખેશ્વર ભેટીયે રે લોલ,
મેટીયે વિઘ્ન વિકાર રે; વાલ્હેસર;
અદ્ભુત કીર્તિ કળિયુગે રે લોલ,
ભવિજનને આધાર રે. વા૦ પાસ૦ (૧)
દેશ દેશના જન ઘણા રે લોલ,
યાત્રા કરવા કાજ રે; વા૦
આવે અતિ ઉલટભર્યા રે લોલ,
લેઈ લેઈ પૂજ સમાજ રે. વા૦ પાસ૦ (૨)
નવરંગી આંગી રચે રે લોલ,
ભવિ અંગે ધરી ભાવ રે; વા૦
એહિ જ ભાવના ભાવતાં રે લોલ,
ભવજલ તરવા નાવ રે. વા૦ પાસ૦ (૩)
કમઠ હઠી હઠ ભંજણો રે લોલ,
રંજણો જગ જન ચિત્ત રે; વા૦
સાથ મિલ્યો હવે તાહરો રે લોલ,
કીધો જન્મ પવિત્ત રે. વા૦ પાસ૦ (૪)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વામાનંદન વાલહા રે લોલ,
પ્રભાવતીના નાથ રે; વા૦
**જ્ઞાનવિમલ** ગુણખાંણથી રે લોલ,
ગ્રહીને કરો સનાથ રે. વા૦ પાસ૦ (૫)

---

[ ૧૨ ]

## શ્રીજ્ઞાનવિમલસૂરિવિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

દરિસણ દ્યોજી દ્યોજી દ્યોજી, શંખેશ્વરસાહિબ દરસણ દ્યોજી,
ત્રિભુવનના નાયક દરિસણ દ્યોજી,
મ્હેં છાં તુમપદના પાયક. દરિ૦
જિમ પ્રકટે સમકિત ક્ષાયક, દરિ૦ – એ આંકણી
આશા કરી ઉમાહ્યા ધરીને, અલગાંથી અમે આવ્યા;
મહેર ધરી જો દરસણ આપો,
તો અમે સવિ સુખ પાયા. દરિ૦ (૧)
એકણ ચિત્તે શુભ વિધિ રીતે, અવિચલ પ્રીતિ ધ્યાતા;
ગતિ મતિ થિતિ છતી તુંહિ તુંહિ,
ઈમ બહુવિધ ગુણજ્ઞાતા. દરિ૦ (૨
લોચન લીલે અનુભવ શીલે, ખલક પલકમેં તારી;
તો એવડી શી ઢીલ કરો છો, આજે અમારી વારી. દરિ૦ (૩)
દરિસણથી દર્શન હુએ નિર્મળ, દર્શન ગુણ પણ આવે;
દર્શન મુદ્રા તેહી જ શુદ્ધિ, ત્રિકરણ તુમ ગુણ ગાવે. દરિ૦(૪)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનવિમલ લીલાએ જાણો, વાત અમારી સ્વામી;
તુમ આણા અનુસારે સાચું, એ પ્રતીત મેં પામી. હરિ૦(૫)

[ ૧૩ ]

## શ્રીજ્ઞાનવિમલસૂરિવિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

( રાગ-વાલ્હેસરની દેશી )

પ્રભુજી પાસ સંખેશ્વરો રે લોલ,
ભેટચે ભવ ભય જાય રે જિણંદરાય;
દીન દયાકર ઠાકુરા રે લોલ; નિરખ્યે હરખિત થાય રે.
જિણંદરાય. પ્રભુ૦ (૧)

મહિયલમાં મહિમા ઘણો રે લોલ,
તાહરો અગમ અપાર રે જિણંદરાય;
વચન ગુણે કહેવા થકી રે લોલ, કુણ પામે તસ પાર રે.
જિણંદરાય. પ્રભુ૦ (૨)

નવનિધિ ઋદ્ધિ સિદ્ધિ સંપદા રે લોલ,
આવી માહરે હાથ રે જિણંદરાય;
અંતર અનુભવ જે લહ્યો રે લોલ, તેહ સુખનો કોણ સાથ રે.
જિણંદરાય. પ્રભુ૦ (૩)

તાહરે માહરે પ્રીતડી રે લોલ,
લૌકિક રીતિ ન હોય રે જિણંદરાય;
જેહ અભેદપણે રહે રે લોલ, અવર ન એ સમ કોય રે.
જિણંદરાય. પ્રભુ૦ (૪)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશ્વસેન નૃપ કુલ જલધિમાં રે લોલ,
વિધુસમ વામાનંદ રે જિણંદરાય;
જ્ઞાનવિમલ ગુણ વાધતા રે લોલ, હોવે પરમાનંદ રે.
જિણંદરાય. પ્રભુ૦ (૫)

---

[૧૪]

## શ્રીદેવવિજય વિરચિત
## શંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

દર્શન દીજે પ્રભુ પાસજી હો લાલ,
વલી વલી કરું અરદાસ સાહેબજી;
દર્શનનો ઉમાહલો હો લાલ,
સેવકની પૂરે અરદાસ સા૦ દ૦ (૧)
દૂર થકી હું આવીયો હો લાલ,
જોવા જોવા તુજ મુખચંદ; સા૦
આગલિ ઉભા ઓલગે હો લાલ,
નરનારીના વૃંદ. સા૦ દ૦ (૨)
છાનો છીપીઉં કયું રહે હો લાલ,
ભયભંજન ભગવંત; સા૦
દુશ્મન દૂરે કીજીએ હો લાલ,
વિઘ્નહરણને એ કામ. સા૦ દ૦ (૩)
કલિયુગ માંહે જાગતો હો લાલ,
ઈગ તો ઈગ તો તુજ પરતાપ; સા૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાચો દેવ શંખેશ્વરા હો લાલ,
મેં દીઠાં આપો આપ સા૦ દ૦ (૪)
દેશ દેશમાંહે જાગતો હો લાલ,
પ્રગટ્યો તાહરો નામ; સા૦
ઉવેખી કીમ મુકીએ હો લાલ,
મહેર કરો મુજ સંત. સા૦ દ૦ (૫)
ગુજર ધણીનો તું ધણી હો લાલ,
દુખીઆ જન આધાર; સા૦
પાપ તાપ મલ ટાલવા હો લાલ,
જગજીવન જગઆધાર. સા૦ દ૦ (૬)
તો દરિસણુ વિણુ જે ઘડી હો લાલ,
વરસ સમાણી થાય; સા૦
મહેર કરો મન મોકલો હો લાલ,
નીલ કમલ દલ કામ. સા૦ દ૦ (૭)
વિનતડી અવધારજો હો લાલ,
લળી લળી લાગુ પાય; સા૦
સાહિબ મહેલ પધારિએ હો લાલ,
દ્યો દરશન જિનરાય. સા૦ દ૦ (૮)
ભય ભાવઠ ભાંજિ કરી હો લાલ,
દીઠો દરશન આજ; સા૦
વિનતડી સફલે ફલી હો લાલ,
પામ્યો ત્રિભુવન રાજ. સા૦ દ૦ (૯)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજ મનોરથ સવી ફલ્યા હો લાલ,
ફળીયો ફળીયો ગિરસે કામ; સા૦
વૂઠો અમૃત મેહલો હો લાલ,
દીઠો દીઠો તુજ દેદાર. સા૦ દ૦ (૧૦)
સત્તર સત્તાવીસે સમોસર્યો હો લાલ,
ગિરિ માધવ ગુણવંત; સા૦
તેરસ દિન પ્રભુ વિનવ્યા હો લાલ,
દેવવિજય જયકાર સા૦ દ૦ (૧૧)

[ ૧૫ ]

## શ્રીનયવિમલ વિરચિત

## શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન

તું જય જનમન વંછિત દાયક, નાયક ત્રિભુવન માંહિ,
સાધક કામ તણા તું ભીંજઈ, અભિનવિ સુરતરુ છાંહિ;
સંખેશ્વર સાહિબ પ્રણમીએ હો. (૧)

તું જય સજ્જન જનમન રંજણ, ખંજન નયન વિશાળ;
ગંજણમોહમહીપતિ દુર્ધર, સજ્જન પરમકૃપાલ. સં૦ (૨)

તું જસ વામાદેવી નંદન, ચંદન શીતલ વાણી;
વંદન રાણા કરઈ તુજ, કમલ કોમલ સમ પાણિ. સં૦ (૩)

નંદનવન સમ દેહ વિરાજે, ગાજઈ લંછન નાગ;
હેજઈ બોધ વસંત સુરાગી, ઈણિ વિધિ ખેલત ફાગ. સં૦ (૪)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપશમ રસ વૃંદાવન માંહિ, છાંહિ સંયમ તરુ વેલિ;
લલિતલબ્ધિલલના સંઘાતિ, અહનિસિ કરઈ પ્રભુ કેલિ. સં૦(૫)
કેવલજ્ઞાન પરિમલ પ્રગટીયો, દહ દિસઈ મૂકઈ વાસ;
સુરવર નરવર ભવિજન ભમરા,આવંતિ પાસિ ઉલ્લાસિ. ૦(૬)
શ્રુત સુરજી મનપર્યવ માર્દવ, શુકલ ધ્યાન લય તાલ;
ભંભા ભાવન બોધિ ભલેરી, વાજત સત્ય કંસાલ. સં૦ (૭)
સરસ સઘન કરુણા કસ બોઈ, ચરચિત પ્રભુની કાય;
પ્રભુતા અષ્ટ સુવેશ બનાયા, શીતલ શીલ સુવાય. સં૦ (૮)
સબલ સંતોષ કુલેલ સુહાવત, ફાવત દેશન નીર;
છાંટઈ સવિ ભવિ જનતા કેરી, કોમલ સરસ સનીર. સં૦(૯)
સુમતિ ગુપતિ પરિવાર સંઘાતિ, ઈણિપરિ ખેલત ફાગ;
અશ્વસેન કુળ કૈરવ રવિ સમ, જય જય તું વીતરાગ. સં૦(૧૦)
ગાળ્યો મોહ હિમાલય ટાળ્યો, માનાતિગ અજ્ઞાન;
લઘુ ભઈ માયા રયણી રમંતઈ, પ્રગટ્યો અધ્યાત્મકો વાન.
સં૦ (૧૧)
સમકિત દાન દિઈ જનતા નઈ, જિનજી મોહ મહિરાણુ;
આપઈ વંછિત દાન સવાઇ, પ્રગટ પાસ સુલતાન. સં૦ (૧૨)
ધીરવિમલ કવિરાજ સુસેવક, કહે **નયવિમલ** મુણિંદ;
પાસ નામ સુપસાઈ લહિયે, દિન દિન અધિક આણુંદ. સં૦(૧૩)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૧૬ ]

## વાચક ઉદયરત્ન વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

પાસજી તોરા રે પાય,
સ્વામી પલકમાં છોડયા ન જાય,
તુમસે લગન લગી. આંકણી.
લગી લગી અખીયાં ને રહી રે લોભાય;
દુનિયામાં દુજો કોઈ આવે ન દાય. તુમસે૦ (૧)
આછી આછી આંગીયાં ને રંગ અનૂપ;
અજબ બન્યું છે સાહિબા આજનું રૂપ. તુમસે૦ (૨)
શિર કાને કર હૈયે સોહે ઉદાર;
મુગટ કુંડલ બાજુબંધ ને હાર. તુમસે૦ (૩)
તુજ પદ પંકજ મુજ મન ભૃંગ;
ચિત્તમાં લાગ્યો રે સાહિબા ચોળનો રંગ. તુમસે૦ (૪)
દેવાધિદેવ તું તો દીનદયાળ;
ત્રિભુવન નાયક તુજને નમું ત્રણ કાળ. તુમસે૦ (૫)
લંબી લંબી બાહુડી ને બડે બડે નેન;
સુરતરુ સરિખા સાહિબા શિવ સુખ દેણ. તુમસે૦ (૬)
જૂની જૂની મૂરતિ ને જ્યોત અપાર;
સૂરત દેખીને પ્રભુની મોહ્યો આ સંસાર. તુમસે૦ (૭)
સત્તરસો એંશી સમે ને ચૈતર માસ;
પૂરણ માસે પહોતી પૂરણ આશ. તુમસે૦ (૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદયરતન વાચક વદે એમ;
પાસ શંખેશ્વર જોતાં વાધ્યો છે પ્રેમ. તુમસે૦ (૯)

---

[૧૭]

## શ્રીઉદયવિજય વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

( પ્રથમ જિનેશ્વર પૂજવા, સૈયર મોરી—એ દેશી. )

આપ અરૂપી હોય કે પ્રભુ માહરા,
જગનાં જુએ તું રૂપ હો;
અકલ લીલા પ્રભુ તાહરી, કુણ કળે ગુઝ સરૂપ હો,
દેવમાં નગીનો માહરો, ધ્યાનમાં લીનો માહરો સાહિબો,
પ્રભુ માહરા, રતિ એક રૂપ દેખાવ હો. (૧)
વિશ્વમાં ગુણ વ્યાપી રહ્યા પ્ર૦ ,નિર્ગુણ નામ ધરાવે હો;
અરાગી સહુને રાગી કરે, એ મુને અચરિજ આવે હો.
દે૦ ધ્યા૦ પ્ર૦ ર૦ (૨)
નામ નિરંજન તાહરું પ્ર૦, પ્રગટ રૂપ પૂજાવે હો;
લિખ્યો ન જાયે કાગલે, તો કિમ દર્શ દેખાવે હો.
દે૦ ધ્યા૦ પ્ર૦ ર૦ (૩)
અચલ ચલાવ્યો નવિ ચલે પ્ર૦, જિહાં તિહાં તાણ્યો તણાય હો;
ધરતાં નાવે ધ્યાનમાં, જગમાં નામ જપાય હો.
દે૦ ધ્યા૦ પ્ર૦ ર૦ (૪)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહુ રૂપે રમી રહ્યો પ્ર૦, રમતાં શું નહિ રાજી હો;
મન વિણુ સહુનાં મન હરે, એ શી માંડી બાજી હો.
દે૦ ધ્યા૦ પ્ર૦ ૨૦ (૫)
પ્રથમ પ્રભુતા ભોગવી પ્ર૦, નિર્ધન નામ ધરાવે હો;
દુનિયાને દેખી રહે, બેપરવાહી કહેવાય હો.
દે૦ ધ્યા૦ પ્ર૦ ૨૦ (૬)
સંખેશ્વરપુરમંડણો પ્ર૦, વામાનંદન દેવ હો;
ઉદય સદા સુખ આપીયે, જસ પદ પંકજ સેવ હો.
દે૦ ધ્યા૦ પ્ર૦ ૨૦ (૭)

---

[૧૮]

## શ્રીપ્રેમવિજય વિરચિત

## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

શ્રીશંખેશ્વર સમર્યાં સંકટ સંહરે રે,
સુખ સંપત્તિની કોડી આપે રે;
આપે રે અવિચલ જોડી બાંધવ તણી રે. (૧)
શ્રીઅશ્વસેન કુલે તું ઉદયો દિનકરુ રે,
વામાઉઅર સરહંસ સોહે રે;
સોહે રે નીલવરણુ પ્રભુ દેહડી રે. (૨)
સુર અસુરાદિક વિદ્યાધર વર નરપતિરે,
નર નારીની કોડિ આવે રે;
આવે રે રાતદિવસ તુજ દરિસણે રે. (૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તુજ દિદાર દેખંતે તતખિણમાં થયો રે,
નાગરાય ધરણિંદ સેવે રે;
સેવે રે ચરણ કમલ પ્રભુજી તણા રે. (૪)
પરમેસર તું પરગટ પરતા ચૂરવે રે,
જે તુજ ધ્યાયે ધ્યાન તેહને રે;
તેહને રે નિધિઋદ્ધિ હોયે ઘણી રે. (૫)
દેવ સવેમાં દીપે દિણયરની પરે રે,
અતુલી બલ ભગવંત તાહરી રે;
તાહરી રે આણ સહુ મસ્તક વહે રે. (૬)
તુજ પયકમલ સદા જે સેવે સાહિબા રે,
તે નવિ થાયે દાસ પામે રે;
પામે રે ઠકુરાઈ ત્રિભુવન તણી રે. (૭)
તું કલિ સુરતરુ ચિંતામણિ સમ અવતર્યો રે,
સેવક જનને કાજ અહનિશિ રે;
અહનિશિ રે મનવંછિત મુજ દીજીયે રે. (૮)
તુજ નામે નાવે દુઃખ દાલિદ આપતા રે,
દુરગતિ દૂર જાય તાહરે રે;
તાહરે રે નામે સવિ સાજન મળે રે. (૯)
મુજ સરિખા સેવક સાહેબજીને ઘણા રે,
તુમ સરિખો મુજ તુંહી કરજો રે;
કરજો રે મુજશું અવિહડ પ્રીતડી રે. (૧૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીશંખેશ્વર વિનતડી અવધારીયે રે,
લબ્ધિવિજયજી સીસ દીજે રે;
દીજે રે પ્રેમ ઘણી સુખ સંપદા રે. (૧૧)

---

[ ૧૯ ]

## શ્રીસુંદરવિજય વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

શ્રીશંખેશ્વર પાસજી, વામા માત મલ્હાર રે
સાહિબ સું મન માન્યો;
અરજ સુણો એક માહરી,
વીનતી કરું કર જોડ રે. સા૦ (૧)
ભગત વત્સલ પ્રભુ સાંભલો, ઓલંભે અરદાસ રે; સા૦
છાંડતાં કીમ તમે છુટસો, કરસ્યો ખરી દીલાસ રે. સા૦(૨)
તુમ સરિખા સાહિબ તણી, સેવા નીફ્લ થાય રે; સા૦
ગુણ દેખાડી હેલવ્યા, તે કીમ કેડો છાંડે રે. સા૦ (૩)
જિહાં જલધર તિહાં બાપીહો, પીઉ પીઉ કરી મુખ માંડ રે; સા૦
કમીય કસીસે તુમ તણે, આપો અમને એક રે. સા૦ (૪)
મોટાઈ ત્યારે ખરી, ભાગો મન મુજ દુઃખ રે; સા૦
માઠી ગત છાંડી કરી, આવ્યો હું પ્રભુ પાસ રે. સા૦ (૫)
દર્શન દીધો પાસજી, આવ્યા મુજ ઘટ માંહ રે; સા૦
ચરણ ન છોડું પ્રભુ, પૂરો મન મુજ આશ રે. સા૦ (૬)
સંવત સત્તર અઠયોતેર રહ્યા, હારિજે મજાર રે; સા૦
અમરવિજય કવિરાજનો, સુંદરની પૂરી આશરે. સા૦ (૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

[ २० ]

# શ્રીજિતવિજયજી વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વજિનસ્તવન

( સાંભળરે મ્હારી સજની બેની,
રજની કિંહાં રમી આવીજી—એ દેશી )

શ્રીશંખેશ્વર સાહિબ વંદો, અશ્વસેન કુળ ચંદોજી રે;
પુરિસાદાણી પાસ જિણંદો, વામા માતાનો નંદો,
એ પ્રભુ સેવેજીરે,
એ પ્રભુ સેવે ઉલટ આણી, જેમ ભૂખ્યા વરમેવોજી રે—આં૦
શ્રીશંખેશ્વર અતિઅલવેસર, પાર્શ્વ જિનેશ્વર પ્યારોજી રે;
જગબંધુ કરુણારસ સિંધુ, જલતો નાગ ઉગાર્યો. એ૦ (૨)
મ્હારે મન તુંહિજ એક વસીયો, જેમ સીતા રામચંદ્રજી રે;
અવિહડ પ્રીતિ બની તુમ્હ સાથે, જેમ કમલા ગોવિંદ. એ૦(૩)
ચોત્રીસ અતિશય જિનને છાજે, પાંત્રીસ વાણીએ ગાજેજી રે;
ત્રણ છત્ર શિર ઉપર છાજે, અરિહા આપ બિરાજે. એ૦ (૪)
તુમ મુખચંદ નિહાલતાં, ભવીનાં સિદ્ધયાં સકલાં કાજજી રે;
જન્મ સફલ થયો હવે મ્હારો, દીઠો તું જિનરાજ. એ૦(૫)
પાસ પ્રભુ મુજ અંતર જામી, પૂરણ પૂન્યે પામીજી રે;
અવિનાશી સુખ દ્યો સેવકને, વિનવું હું શિરનામી. એ૦ (૬)
ફણીધરકેરું લંછન સોહે, દેખી જગ જન મોહેજી રે;
દેશના અમૃતધારા વરસી, ભવિક કમલ પડિબોહે. એ૦ (૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંવત અઢાર અઠયાસી વર્ષે, ચૈત્રી પુનમ દિવસેજી રે;
રવિવારે પ્રભુ પાસજી ભેટયા, સંઘ સહિત જગીસે. એ૦ (૮)
એહવા પ્રભુને નિત્ય નિત્ય ભેટો, પ્રહ ઉગમતે દિવસેજી રે;
શ્રીગુરુપુન્યપ્રતાપ લહીને, જિત નમે નિશદિશ. એ૦ (૯)

[૨૧]

## શ્રીલબ્ધિવિજય વિરચિત

## શંખેશ્વરપાર્શ્વનાથજિનસ્તવન

આજ જિનરાજ આનંદ મુજ અતિ ઘણો,
તુજ તણો દરિશ બહુ વરસ પેખ્યો;
સ્વામી સંખેસરા સજ્જન વાલ્હેસરા,
તુંહી જગ જાગતો દેવ દેખ્યો. આજ૦ (૧)
તેં જરા જોર કાઢી કિશન કટકથી,
તેં મહામોહ જગ જોહ ટાલ્યો;
તેં સયલ સુખ કર્યાં દુઃખ દૂરે હર્યાં,
તેં પ્રભુ કમઠનો માન ગાળ્યો. આજ૦ (૨)
ચંદ્રચકોર ઘનમોર મહીમંડળે,
દેખી દહદિશિ થકી પ્રીતિ પામું;
તિમ તુજ દરશથી મુજ મન ઉલ્લસે,
હરખે હૈડું હસે તુજ નામે. આજ૦ (૩)
સુર અસુર નર તુજ ચરણે નમે,
તું મુજ મનગમે દેવ દીઠો;

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમીયની વેલડી જે જગ શેલડી,
તેહથી તુજ તણો હર્ષ મીઠો. આજ૦ (૪)
તું કૃપાસિંધુ મુજ બંધુ ભૂમિતળે,
નિત્ય અફલાં ફળે ઠામ ઠામે;
દેશ પરદેશ પરગામ જે સમરશે,
તસ સવિ સુખ હોશે સ્વામિ નામે. આજ૦ (૫)
ૐ નમો વિશ્વરૂપી રસિક જિનવરુ,
સુરતરુ સહજ તુજ સેવ કીજે;
સ્વામી સોહામણા લીજીયે ભામણા,
નિત્ય વધામણા વેગે દીજે. આજ૦ (૬)
દેવ! દુઃખ ચૂર મુજ પૂર આશા અમર,
ભમર હું તુજ પદ કમલ ભેટું;
તાહરે નામ અભિરામ મંત્રે કરી,
માહરા દુઃખ દલ દૂર મેટું. આજ૦ (૭)
અચલ અરિહંત ભગવંત અવધારજો,
વારજો વિઘન વિષવેલી છેદી;
સયલસુર સંથુણ્યો વિઘનહર તું ભણ્યો,
મેં સુણ્યો દોષ દુઃખ દુરિત ભેદી. આજ૦ (૮)
સ્વામિ ! સુણ વિનતિ મુજ મન જે હતી,
દરશ તુજ સરસ દિનરાત દીજે;
શ્રીગુણહર્ષ પંડિત વર શિષ્ય જે,
લબ્ધિ લીલા તણી ચિંત કીજે. આજ૦ (૯)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૨૨]

## શ્રીરત્નવિજયજી વિરચિત

## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

મંગલકારી શ્રીશંખેશ્વર, પાર્શ્વનાથ જગ જયવંતા;
વિઘ્નનિવારક ભવનિધિતારક, જય જય શિવકર ભગવંતા.
મંગલ૦ (૧)

જાદવ કુલની જરા નિવારી, નવણુ નીરથી સુખકંદા;
મંત્ર મહાનવકાર સુણાવી, કર્યો ધરણપતિ સુખચંદા.
મંગલ૦ (૨)

ધ્યાઈએ નિશદિન નિર્મલ, તુમ નામ શાંતિ સુખ દેનારા;
હાથ જોડી સંગાથ નાથજી, વિનવીએ દુઃખ દલનારા.
મંગલ૦ (૩)

ચરણશરણ ભય મરણ નિહંતા, કરણ કોડિ કલ્યાણ તણું;
ભવ્ય નાથ મમ હાથ ગ્રહીને, કરો દાસ અરદાસ ભણું.
મંગલ૦ (૪)

અમૃત સમ અમપર તુમ છાયા, ભવોભવ હોજો સુખકારી;
રત્ન રમણુતા કરતાં એક દિન, શિવ લક્ષ્મી છે વરનારી.
મંગલ૦ (૫)

— —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૨૩]
## શ્રીરંગવિજયજી વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વજિનસ્તવન

તાહરાં નેણાં રે પ્યારા, પ્રેમનાં ભર્યાં છે, તા૦
પ્રેમનાં ભર્યાં છે, દયા રસનાં ભર્યાં છે; તા૦
જે કોઈ તાહરી નજરે ચઢી આવે;
કારજ તેહનાં સકલ સર્યાં છે. તા૦ (૧)
પ્રગટ થઈ પાતાલથી પ્રભુ તેં;
યાદવનાં દુ:ખ દૂર કર્યાં છે. તા૦ (૨)
પન્નગપતિ પાવકથી ઉગાર્યો;
જનમ મરણ ભય તેહનાં હર્યાં છે. તા૦ (૩)
પતિતપાવન સરણાગત તુંહી;
દરિસણ દીઠે માહરાં ચિત્તડાં ઠર્યાં છે. તા૦ (૪)
શ્રીશંખેશ્વર પાસ જિનેસર;
મુજ પદપંકજ આજથી ધર્યાં છે. તા૦ (૫)
જે કોઈ તુજને ધ્યાને ધ્યાવે;
અમૃતસુખ તેણે રંગથી વર્યાં છે. તા૦ (૬)

---

[૨૪]
## શ્રીરંગવિજયજી વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વજિનસ્તવન
(રાગ—વેલાઉલ)

કૃપા કરો સંખેશ્વર સાહિબ, ગુણધામી અંતર્યામી; (ટેક)
સંખેશ્વર પૂરમાંહે બિરાજે, છાજે તખત ગરે શિવગામી.
કૃપા૦ (૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાનંદ પદદાયક નાયક, પરમ નિરંજન ધન નામી;
તું અવિનાશી સહેજ વિલાસી, જીત કામી ધ્રુવ પદ રામી.
કૃપા૦ (૨)
પરમ જ્યોતિ પરમાતમ પૂરણ, પૂરણાનંદમય સ્વામી;
પ્રગટ પ્રભાકર ગુણમણિઆગર, જગજનના છો વિસરામી.
કૃપા૦ (૩)
કાલ અનાદિ આનંદે સાહિબ, તુમ મૂરત પુન્યે પામી;
અબ દ્યો મુજ અમૃત પદ સેવા, રંગ કહે નિજ સીર નામી.
કૃપા૦ (૪)

---

[૨૫]

## શ્રીરંગવિજયજી વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વજિનસ્તવન

( મુનિસુવ્રત જિન અરજ હમારી એ–દેશી )

શ્રીશંખેશ્વર સાહિબ વંદો, ભવનાં પાપ નિકંદો રે;
અશ્વસેન કુલ કમલ દિણંદો,
વામા માતાનો નંદો રે. શ્રી૦ (૧)
કરુણા ઠાકર પ્રભુ મેરો, હું સેવક છું તેરો રે;
નેહ નજર કરી સાહિબ મેરો,
મેટો ભવનો ફેરો રે. શ્રી૦ (૨)
આસ કરી આવ્યા દરબાર, તુમ વિણ કહો કુણ તારે રે;
મિથ્યાતમ આતમ દુઃખદાયી,
પ્રભુ વિના કુણ નિવારે રે. શ્રી૦ (૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સકલ તીરથના નાયક સ્વામી, પૂરવ પુન્યેં પાયા રે;
શ્રીતપગચ્છ નાયક ગુણલાયક,
વિજયજિણંદસૂરિરાયા રે. શ્રી૦ (૪)
સંવત કર-શર-ગજ-શશિમાંહે, શુદિ સાતમ સોમવાર રે;
શ્રીમહારાજે મેહર કરીને,
સહુ માજન તેડાવ્યાં રે. શ્રી૦ (૫)
વિધિસ્યું સહુનો વેધ મિટાવી, જુગતેં ભેલા જિમાયા રે;
જસ લીધો કારજ સવિ સીધો, પ્રભુજીને પસાયે રે;
કૃષ્ણવિજય ગુરુરાયનો સેવક,
રંગવિજય ગુણ ગાયા રે. શ્રી૦ (૬)

---

[૨૬]

## શ્રીશુભવિજયજીશિષ્ય
## પં. શ્રીવીરવિજયજી વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વજિનસ્તવન

સારકર સારકર સ્વામી શંખેશ્વરા,
વિશ્વ વિખ્યાત એકાન્ત આવો;
જગતના નાથ મુજ હાથ ઝાલી કરી,
આજ કિમ કાજમાં વાર લાવો. સા૦ (૧)
હૃદય મુજ રંજણો શત્રુ દુઃખ ભંજણો,
ઈષ્ટ પરમિષ્ટ મોહે તુંહી સાચો;
ખલક ખિજમત કરે વિપતિ સબ ખિણ ભરે,
નવિ રહે તાસ અભિલાષ કાચો. સા૦ (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાદવા રણુજાણે રામ કેશવ રણે,
જામ લાગી જરા નિંદ સોહી;
સ્વામી શંખેશ્વરા ચરણજલ પામીને,
યાદવાની જરા જાય રોતી. સા૦ (૩)

આજ જિનરાજ ઊંઘે કિશ્યું આ સમે,
જાગ મહારાજ ! સેવક પનોતા;
સુબુદ્ધિ મધે ટલે ઘૂતે દોલત હરે,
વીર હાકે રિપુવૃંદ રોતા. સા૦ (૪)

દાસ છું જન્મનો પૂરિયે કામના,
ધ્યાનથી માસ દશ હોય વીત્યા,
વિકટ સંકટ હરો નિકટ નયણાં કરો,
તો અમે શત્રુ નૃપતિકું જીત્યા. સા૦ (૫)

કાલ મુખે અશન શીત કાલે વસન,
શ્રમ સુખાસન રણે ઉદક દાઈ;
સુગુણનર સાંભરે વીસરે નહિ કદા,
પાસજી તું સદા છે સુખાઈ. સા૦ (૬)

માત તું તાત તું ભ્રાત તું દેવ તું,
દેવ દુનિયામાં દૂજો ન વહાલો;
શ્રીશુભવીર જગ જીત ડંકો કરે,
નાથજી નેક નયણે નિહાલો. સા૦ (૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૨૭]

## શ્રીગુણવિજયજી વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વજિનસ્તવન

સકલ મંગલ સદા અતુલ સુખ સંપદા,
પાસજિન નામે શુભ કામ થાઈ;
જગજનાધાર દીદાર તુજ દેખતાં,
દુરિત દોભાગ દુઃખ દૂરિ જાઈ. સકલ૦ (૧)
આજ મુજ અંગિ આનંદ ઉલટ ઘણો,
આજ રુડી દશા ઉદયવંતી,
આજ જિનરાજ મુજ કાજ સઘલાં સર્યાં,
આજ સઘળી ફલી મનહ ખંતી. સકલ૦ (૨)
સુરવરા નરવરા અસુર વિદ્યાધરા,
જાસ નિતુ દાસ પરિ કરતી સેવ;
તાહરું ધ્યાન સનમાન કરી જે ધરઇ,
તે તરઈ ભવજલધિ નિત્યમેવ. સકલ૦ (૩)
તુજ મુખચંદ અરવિંદને જીપતું,
દીપતું સૂર પરિ નૂર ઝાઝઈ;
રંગની રેલિ શુભ વેલિ ચઢતી સદા,
પુત્ર પરિવાર સુખકાર છાજઈ. સકલ૦ (૪)
તુંહિજ મુજ માત તું તાત વિખ્યાત જગિ,
માત વામાઉરિ રાજહંસ;
અવનીપતિ અશ્વસેનાન્વયે અંબરિ,
ઉગીઓ અવિ કમલવિમલ હંસ. સકલ૦ (૫)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામી સંખેસરા પાસ પરમેસરા,
તરણિ પરિ તેજ તુજ અધિક દીસેં;
તાહરું નામ અભિરામ જપતાં સદા,
હર્ષ ભરી હીઅડલું હેજ હીસેં. સકલ૦
વિનયવંતા વિનેયાદિ લચ્છી ઘણી,
હોઇ તુજ નામથી વૃદ્ધિવંતી. સકલ૦ (૭)
શુદ્ધ સમકિત મતિ ધરણ પદ્માવતી.
પાસની સેવ નિતમેવ સારે;
અહનિશિ માનસિ જેહનેં તું વસેં,
તેહનાં દુઃખ દારિદ્ર વારેં. સકલ૦ (૮)

( કલશ )

ઈમ થુણ્યો સુખકર પાસ જિનવર સંખેસરપુર દિનકરુ,
પરિવાર સાર ઉદાર લચ્છીકરણ સુંદર સુરતરુ;
સંસાર પારાવાર તારક દંદદોહગ દુઃખહરુ,
શ્રીજયવિજયકવિ ચરણસેવક ગુણવિજય વાંછિતકરુ. (૯)

---

[ ૨૮ ]

## શ્રીશુભવિજયજીશિષ્ય
## પં. શ્રીવીરવિજયજી વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

સુણો સખી શંખેશ્વર જઈએ, વિશ્વંભરને શરણે રહિએ;
દુઃખ છંડીને સુખીયાં થઈએ,
સુણો સખી શંખેશ્વર જઈએ. (૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમીએ દેવાધિદેવા, સાચે શુદ્ધે કરું સેવા;
ચિત્ત વસે સાચું જ કહેવા, સુણો૦ (૨)
આણી કષ્ટ થકી તો આરે, સેવક સાહિબ દિલ ધારે;
ભરાવી દામોદર વારે, સુણો૦ (૩)
પડિમા પાર્શ્વનાથ તણી, ગંગા જમના માંહે ઘણી;
કાલ અસંખ્ય જિનેન્દ્ર ભણી, સુણો૦ (૪)
લવણોદધિ વ્યંતર નગરે, ભુવનપતિમાં એમ સઘલે;
પૂજી ભાવ ઘણેરે અમરે, સુણો૦ (૫)
ચંદ્ર સૂર્ય વિમાને કલ્પે, સૌધર્મ ઈશાને;
અર્ચી બારમા ગીર્વાણે, સુણો૦ (૬)
જાદવ લોક જરા વાસી, રામ હરિ રહ્યા ઉદાસી;
અઠ્ઠમ ધ્યાન ધરે આસિ, સુણો૦(૭)
પદમાવતી દેવી તુઠી, શંખેશ્વર પ્રતિમા દીધી,
જાદવ લોકની જરા નીઠી, સુણો૦ (૮)
પાર્શ્વ પ્રભુજીનો જશ વ્યાપે, શંખેશ્વર નગરી થાપે;
સેવકને વંછિત આપે, સુણો૦ (૯)
ગામ ગામે ઓચ્છવ થાવે, થોકે ગુણી જન ગુણ ગાવે;
શંખેશ્વર નગરી પાવે, સુણો૦ (૧૦)
તે પ્રભુ ભેટણને કામે, શા મૂલચંદ સુત શ્રી ગામે;
સંઘવી માણેકશા નામે, સુણો૦(૧૧)
વંશ વડા છે શ્રીમાલી, ઈચ્છાચંદ માણેક જોડ ઝાલી.
ગુર્જર દેશનો સંઘ મલી, સુણો૦ (૧૨)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અઢાર સો સીતોતેર વસ્સે, માગશર વદ પડવા દિવસે;
વિશ્વંભર ભેટ્યા છે ઉલસે, સુણો૦ (૧૩)
સાહિબ મુખ દેખી હસતા, શ્રીશુભવીર વિઘ્ન હરતા;
પ્રભુ નામે કમલા વરતા, સુણો સખી શંખેશ્વર જઈએ.(૧૪)

[ ૨૯ ]

## શ્રીશુભવિજયજીશિષ્ય
## પં. શ્રી વીરવિજયજી વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

(વિમલાચલ વિમલા પ્રાણી, અથવા-
મહાવીર પ્રભુ ઘેર આવે-એ દેશી)

નિત્ય સમરું સાહેબ સયણાં, નામ સુણતાં શીતળ વયણાં;
ગુણ ગાતાં ઉલ્લસે નયણાં રે, શંખેશ્વર સાહેબ સાચો.
બીજાનો આશરો કાચો રે. શંખે૦ (૧)
દ્રવ્યથી દેવ દાનવ પૂજે, ગુણસંચિત શો પણ લીજે;
અરિહા પદ પર્યવ છાજે, મુદ્રા પદ્માસન રાજે રે. શંખે૦(૨)
સંવેગે તજી ઘરવાસો, પ્રભુ પાસના ગણધર થાશો;
તવ મુક્તિપુરીમાં જાશો, ગુણ લોકમાં વયણે ગવાશો રે.
શંખે૦ (૩)
એમ દામોદર જિન વાણી, અષાઢા શ્રાવક જાણી;
જિન વંદી નિજ ઘર આવે, પ્રભુ પાસની પ્રતિમા
ભરાવે રે. શંખે૦ (૪)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણ કાળ તે ધૂપ ઉવેખે, ઉપકારી શ્રીજિન સેવે;
પછી તેહ વૈમાનિક થાવે, તેહ પ્રતિમા પણ તિહાં
લાવે રે. શંખે૦ (૫)

ઘણો કાળ પૂજી બહુમાને, વળી સૂરજ ચંદ્ર વિમાને;
નાગલોકનાં કષ્ટ નિવાર્યાં, જ્યારે પ્રાર્શ્વ પ્રભુ
પધાર્યાં રે. શંખે૦ (૬)

યદુ સૈન્ય રહ્યો રણ ઘેરી, જીત્યા નહિ જાય વૈરી;
જરાસંઘે જરા તવ મેલી, હરિબલ વિના સઘળે
ફેલી રે. શંખે૦ (૭)

નેમીશ્વર ચોકી વિશાળી, અઠ્ઠમ કરે વનમાળી;
તુઠી પદમાવતી બાળી, આપે પ્રતિમા ઝાકઝ-
માળી રે. શંખે૦ (૮)

પ્રભુ પાસની પ્રતિમા પૂજી, બળવંત જરા તવ ધ્રૂજી;
છંટકાવ ન્હવણ જળ જોતી, જાદવની જરા જાય
રોતી રે. શંખે૦ (૯)

શંખ પૂરીને સૌને જગાવે, શંખેશ્વર ગામ વસાવે;
મંદિરમાં પ્રભુજી પધરાવે, શંખેશ્વર નામ ધરાવે રે.
શંખે૦ (૧૦)

રહે જે જિનરાજ હજુરે, સેવક મનવંછિત પૂરે;
એ ભેટણુ પ્રભુજીને કાજે, શેઠ મોતીભાઈના રાજે રે.
શંખે૦ (૧૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાના માણેક કેરા નંદ, સંઘવી પ્રેમચંદ વીરચંદ;
રાજનગરથી સંઘ ચલાવે, ગામોગામના સંઘ
મિલાવે રે. શંખે૦ (૧૨)
અઢાર અઠ્ઠોતેર વરસે, ફાગણ વદિ તેરસી દિવસે;
જિન વંદીને આનંદ પાવે શુભવીર વચન રસ
ગાવે રે. શંખે૦ (૧૩)

[ ૩૦ ]

## શ્રીવીરવિજયજી વિરચિત

## શંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

આજ શંખેશ્વર જિન ભેટીએ,
ભેટંતાં ભવ દુઃખ નાસે, સાહિબ મોરા રે;
જયો અશ્વસેન કુલ ચંદ્રમા,
માતા વામા સુત પાસ. સા૦ આ૦ (૧)
ભક્ત વત્સલ જન ભયહરુ,
હસતાં હણિયા ખટ હાસ; સા૦
દાનાદિક પાંચને દુહવ્યા,
ફરી નાવે પાસની પાસ. સા૦ આ૦ (૨)
કરી કરમને કારમી કમકમી,
મિથ્યાત્વને ન દીઉં માન; સા૦
અવિરતિને રતિ નહિ એક ઘડી,
અગુણી અલગું અજ્ઞાન. સા૦ આ૦ (૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિંદક નિદ્રાને નાસવી,
મૃત રાગ ને રોગ અપાર; સા૦
એક ધક્કે દ્વેષને ઢાલીયો,
એમ નાઠા દોષ અઢાર. સા૦ આ૦ (૪)

વલી મત્સર મોહ મમત ગયો,
અરિહા નિરીહા નિરદોષ; સા૦
ધરણેંદ્ર કમઠ સુર બિહું પરે,
તુસ માત્ર નહિ તોષ. સા૦ આ૦ (૫)

અચરિજ સુણજો એક તેણે સમે,
શત્રુને સમકિત દાય; સા૦
ચંદન પારસ ગુણ અતિ ઘણા,
અક્ષર થોડે ને કહાય. સા૦ આ૦ (૬)

જાગરણ દશા ઉપર ચઢયા,
ઉજ્જાગરણે વીતરાગ; સા૦
આલંબન ધરતા પ્રભુ તણું,
પ્રભુતા સેવક સૌભાગ્ય. સા૦ આ૦ (૭)

ઉપાદાન કારણ કારજ સધે,
અસાધારણ કારણ નિત્ય; સા૦
જો અપેક્ષા કારણ ભલી લહે,
ફલદા કારણ નિમિત્ત. સા૦ આ૦ (૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ ત્રાયક સાયકતા ધરી,
દાયક નાયક ગંભીર; સા૦
નિજ સેવક જાણી નિવાજીએ,
તુમ ચરણે નમે શુભવીર. સા૦ આ૦ (૯)

---

[ ૩૧ ]

## શ્રીરૂપવિજયજી વિરચિત
## શ્રીશંખેશ્વર પાર્શ્વજિનસ્તવન

સુંદર પાસ જિણંદ છબી રાજે છે,
પ્રભુ મેરુ મહીધર ધીર ભાવલી ભાજે છે;
અશ્વસેન કુલ અંબરે રવિ સોહે છે,
જસ નીલ કમલ દલ કાય ભાવે મન મોહે છે. (૧)

નિજ ગુણ શુદ્ધ સ્વરૂપમાં રતિ કીધી છે,
અલબેલી નિજ વધૂ સાર નિજ વશ કીધી છે;
જ્ઞાન અનંત પ્રકાશથી જે દીપે છે;
ભાલમંડલ તેજે સૂર શશિને જીપે છે. (૨)

શૈલેશી ગુણ દહનમાં તે બાળ્યાં છે,
જે ભવોપગ્રાહિક કર્મ મૂલથી ટાળ્યાં છે;
સાદિ અનંતે ભાંગે સદા સુખ વરીયા છે,
પ્રભુ નિરુપમ અવ્યાબાધ ગુણના દરીયા છે. (૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આઠ કરમના નાશથી ગુણ પાયા છે,
એકત્રીસ મનોહર નાથ શિવપુરે ઠાયા છે;
ધ્યાતા ધ્યેયના ધ્યાનથી ધ્યેય પામે છે,
પ્રભુ તિણે તુજ સેવા નિત્ય મુજ મન કામે છે. (૪)
મહિમા મહીમાંહે ઘણો નિત છાજે છે,
પ્રભુ સૂર્ય કોડિ પ્રતાપ અધિકો રાજે છે;
શંખેશ્વરપુરમંડણો મન મોહે છે,
કહે રૂપ શંખેસરો પાસ અતિ ઘણું સોહે છે. (૫)

---

[ ૩૨ ]

## શ્રીકૃષ્ણવિજયશિષ્ય વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

( દેશી–મેદિની )

પ્યારા લાગો પ્રભુ પાસજી રે, મ્હારા આતમના આધાર;
પ્યારા લાગો છો રે.
અશ્વસેન કુળ દિનમણિ, પ્રભુ વામા માત મલ્હાર; પ્યારા૦
અજર અમર અકલંક તું, દાયક શિવ સુખ દાન.
પ્યારા૦ (૧)
પ્રેમ પ્રસન્ન પ્રભુતામઈ, પ્રભુ જગ ઉપગારી દેવ; પ્યારા૦
યાદવ જરા નિવારવા રે, પ્રભુ આવ્યા સ્વયમેવ.
પ્યારા૦ (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માહરે તો એક તાહરો રે, પ્રભુ છે મોટો આધાર; પ્યારા૦
સેવકને કરુણા કરી રે, પ્રભુ ભવસાગરથી તાર.
પ્યારા૦ (૩)
શિવગામી સાહિબ વિના રે, પ્રભુ એ વિનંતી કિહાં થાય;
પ્યારા૦
મહેર નજર હોય તાહરી રે, પ્રભુ અશુભ કરમ મટી જાય.
પ્યારા૦ (૪)
શ્રી શંખેશ્વર પાસજી રે, પ્રભુ દ્યો દરિસન જગદીશ; પ્યારા૦
કરજોડીને વિનવે રે, પ્રભુ કૃષ્ણવિજયનો સીસ.
પ્યારા૦ (૫)

---

[ ૩૩ ]

## શ્રીધર્મચંદ્રવિરચિત

## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

ધરણીંદા કરે સેવના પ્રભુ તારી, પૂજે પદ્માવતી જગ પ્યારી રે.
વામાદેવી માત મલ્હાર, ઘનઘાતી ચારેને ટાળ;
પામ્યા જ્ઞાન દર્શન શ્રીકાર, તજીઆ ઘાતી લહ્યા ભવપાર રે.
ધરણીંદા૦ (૧)
એનું જોગમુદ્રાનું રૂપ, દેખી મોહ્યા સુર નર ભૂપ;
પૂજતાં મુંદ્યો ભવજળકૂપ, વળી પ્રગટ્યો સહજ સ્વરૂપ રે.
ધરણીંદા૦ (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનજી શ્રીશંખેશ્વર પાસ, પૂરી જાદવ લોકની આશ;
કીધો શંખેશ્વરપુર વાસ, જાસ ધ્યાતા હોય અઘ નાશ રે.
ધરણીંદા૦ (૩)

ગણધર વાચક મુનિ સમુદાય, દેવ ચતુર્વિધ તુમ ગુણ ગાય;
વંછિત કારજ એહનાં થાય, કરજોડી નમે સહુ પાય રે.
ધરણીંદા૦ (૪)

કારણથી જેમ કારજ હોય, તેમ મેં સમર્યા પ્રભુજીને જોય;
જીવપ્રદેશે મળને ધોય, ધર્મચંદ કેવળ લહે સોય રે.
ધરણીંદા૦ (૫)

---

[ ૩૪ ]

## મુનિ શ્રીજિનહર્ષરચિત

## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથસ્તવન

અંતર્યામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો,
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ મરણ દુઃખ વારો;
સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો,
આપો આપોને મહારાજ, અમને મોક્ષસુખ આપો.
સેવક૦ (૧)

સૌ કોનાં મનવાંછિત પૂરો, ચિંતા સૌની ચૂરો;
એવું બિરુદ છે રાજ તમારું, કેમ રાખો છો દૂરે.
સેવક૦ (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો;
કરુણાસાગર કેમ કહેવાશો, જો ઉપકાર ન કરશો.
સેવક૦ (૩)
લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દર્શન દીજે;
ધુમાડે ધીજું નહીં સાહિબ, પેટ પડ્યાં પતીજે.
સેવક૦ (૪)
શ્રીશંખેશ્વર મંડન સાહિબ, વિનતડી અવધારો;
કહે જિનહર્ષ મયા કરી મુજને, ભવસાગરથી તારો.
સેવક૦ (૫)

---

[ ૩૫ ]

## શ્રીઉત્તમવિજયજી વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વજિનસ્તવન

સંખેશ્વર જિનરાય, દિલમેં ભાયો રે,
ચરણે રાખો સ્વાંમ, સરણે આયો રે;
ભમતાં ભવહ મઝાર, નહી પ્રભુ પાયો રે,
ભાગયોગે ભગવંત, દરસણ પાયો રે. (૧)
મહિર કરો મહારાય, સેવક તોરો રે,
મેટો મોહ જંજાલ, મોહિ કર સોરો રે;
અનુભવ રસ મહારાય, મુજને દીજયે રે,
બગસો ગરીબ નીવાજ, કારજ સીઝે રે. (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાતક ચાહે મન્ને, અહનિસ ઘનને રે,
લોભી મન લયલીન, ચાહે ધનને રે;
જિમ મધુકર મન માંહે, કેતકી ચાહે રે,
તિમ પ્રભુનો ધરું ધ્યાન, હીયડા માંહે રે. (૩)

તુમ દરસણ દેખંત, હીયડું હરખે રે,
જાંણે તું દિલની વાત, તું સહુ પરખે રે;
યાદવપતિની જીત, સરસ સુધારી રે,
તાર્યા નાગ તુરંત, તુંમ ગુણ ભારી રે. (૪)

તું ગ્યાંની ગુણવંત, ઘણું સ્યું કહીઈ રે,
ખલકની પૂરો ખંત, બિરૂદ વહીઈં રે;
ઉગુણ પંચાસે માન, સંવત અઢારે રે,
શુદી સપ્તમી વેસાખ, વલી બુધવારો રે. (૫)

સહર પ્રતાપગઢ માંહે, આપ વિરાજ્યા રે,
જગ પસર્યો જસ વાસ, વાજાં વાજ્યા રે;
પરચ્યા પૂરે પાસ, સહુ મન ભાયો રે,
આવે સંઘ ઉમાહ, તુઝને માયા રે. (૬)

ત્રેવીસમા જિનરાય, અરજ સુણીજે રે,
મુજ મનડાની આસ, સફલ કરીજ્યે રે;
પાસ પ્રભુની સેવ, જે નર કરસ્યે રે,
કહે ઉત્તમ નર તેહ, મંગલ વરસ્યે રે. (૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૩૬ ]

## શ્રીઉત્તમવિજયજી વિરચિત

## શ્રીશંખેશ્વર મંદિર વર્ણન ગર્ભિત સ્તવન

સરસતી કરો સુપસાય, નમું આનંદે રે,
પ્રભુના ગુણ ગાતાંહ, પાપ નિકંદે રે;
સુંદર સૂરત એહ, સંખેસરની રે,
ચોમુખ પ્રતિમા ચ્યાર, આદીસરની રે. (૧)
પંચ મેરુને ભાવ, પૂજા કરીઈ રે,
ચોમુખ એ પૂજંત, ચિહું ગતિ હરીઈ રે;
સમ્વસરણ કે માંહિ, આપ વિરાજ્યા રે,
ચઉમુખ ટાલી મર્મ, ધર્મ પ્રકાસે રે. (૨)
વલી ઋષભાનન દેવ, ચંદ્રાનનજી રે,
વારિષેણ વર્દ્ધમાન, નંદીસરજી રે;
ફિર ચોમુખ વંદંત, પંચ વેલાં કરી રે,
માનુ વીસે વેહરમાંન, પ્રણમ્યા હિત ધરી રે. (૩)
અતીતાનાગત વર્તમાન, જિન આનંદો રે,
ગણધર ગોતમ સાંમ, પુંડરીક વંદો રે;
તપગચ્છ ધર્મસૂરિંદ, ચરણ નગીના રે,
પગલ્યા ખરતરગચ્છ, દાદાજીના રે. (૪)
દાદા દોલિત દેવ, કરે ગહગાટે રે,
સેવકને દે સુખ, વાટે ઘાટે રે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠામ ઠામનો સંઘ, આવી વંદે રે,
લહે સુખ સંપત્તિ કોડ, જનનાં વૃંદે રે. (૫)
સંવત અઠારા માંહે, ગુણુ પચાસે રે,
શુદિ સપ્તમી વૈશાખ, બુધ ઉલાસે રે;
કરીય પ્રતિષ્ઠા સાર, સુભ મૂરતી રે,
નયર પ્રતાપગઢ માંહે, આનંદ વરતી રે. (૬)
સિવનો તીર્થ સુઠામ, દીપે સરજી રે,
પાસ પ્રભુ પરમેસ, સંખેસરજી રે;
વાવી સરોવર થાંન, વાડી સોહે રે,
તિહાં પ્રાસાદ ઉત્તંગ, જન મન મોહે રે. (૭)
વાડીલીયા રઘુનાથ, માણુકચંદથી રે,
થઈ જિનધર્મ ઉછાહ, સદા સાનિધથી રે;
હમીરવિજય ગુરુરાય, ઉત્તમ શિષ્યે રે,
પદમાવતી ધરણેંદ્ર, ફલ્યા પરતખ્ય રે. (૮)

---

[ ૩૭ ]

## શ્રીમોહનવિજયજી વિરચિત

## સંખેશ્વર સ્તવન

સંખેશ્વર જિનરાયા, હો મન ભાયા, સંઘ સમસ્તને,
સુણુ સ્વામી અરદાસ;
સુણીય સુણુ મન જાંણી, હો મત કાઢો, કાના આગલે,
મુજ દીજયો વિસવાસ. સં૦ (૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાસીદેશ વાણારસી, હો બહુ સરસી, નગરી રાજની,
જન્મ્યા જિહાં જિનરાય;
અશ્વસેન કુલનંદા, હો આનંદા, વામા માતાજી,
સર્પ લંછણ જસ પાય. સં૦ (૨)
સંઘ સઈ ઉમાહી, હો ઉછાહી, આવે રાજને,
ચરણ લગાડી ભાલ;
પાસ જિણંદને સેવે, હો અતિપ્રેમે, રોગાદિક સમે,
હોવે મંગલ માલ. સં૦ (૩)
માત પિતા અરુ ભ્રાતા, હો નહી ત્રાતા, સગપણ કારમો,
નહી કોઈ સુખ દાતાર;
મોહની કર્મને ભોગે, હો સંયોગે, એ સંસારમાં,
મિલિયો શું કિરતાર. સં૦ (૪)
મૂરખ નર પ્રતિબોધી, હો ચિત શોધી, આણે મારગે,
અહવો તાહરો ધર્મ;
વાણી અમૃત સમાણી, હો ગુણખાણી, શ્રાવણે જે સુણે,
ન રહે તેહને ભર્મ. સં૦ (૫)
હવે પ્રભુ સરણો લીધો, હો સહુ સીધો, કારજ માહરો,
ગુરુ ઉત્તમ સુપસાય;
ઘણું સ્યું કહું કરજોડી, હો મદ છોડી, સ્વાંમી સાંભલો,
કહે **મોહન** ચિત લાય. સં૦ (૬)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૩૮ ]

## શ્રીજિનસુખસૂરિ વિરચિત
## સંખેસરસ્વામીસ્તવન

અધિક ઉલાસે હો, પ્રણુમો પાસ જિણેસરૂ, શ્રીસંખેસર સામિ;
ઈણુ સંસારૈ હો આરે, પંચમ સુરતરુ,
કામિત પૂરે કામ. અ૦ (૧)
જગ સહુ આવૈ, હો ભાવૈ મિલિ મિલિ જાતરા,
ગાવૈ પ્રભુ ગુણુ ગાન;
બહુ ધન ખરચ, હો અરચે સરવૈ સુગતિ સું,
પરચૈ મુગતિ પ્રધાન. અ૦ (૨)
આજ ઈણુ વેલા, હો મહિમા અતિ ઘણો,
દૂર હરૈ દુખ દંદ;
સુખ સહુ આપૈ, હો થાપૈ આણુંદ ઈણુ ભવૈ,
પરભવ પરમાનંદ. અ૦ (૩)
મનમેં ઊમાહો, હો હુતો દિવસ ઘણા તણો,
જાઈ કીજઇ જાત;
તેહ જુહાર્યો, હો વાર્યો ભમવો ભવભવૈ,
ગ્યાંન ગિણ્યો એ ગાત. અ૦ (૪)
હીયડો હીરખ્યો, હો પારખ્યો સમકિત સુધ સહી,
નયન થયા નેહાલ;
જિનસુખસૂરઈ, હો ભાવૈ પૂરઈ ભેટીયો,
પાતક પરહો ખાલ. અ૦ (૫)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૩૯ ]

# શ્રીજિનસુખસૂરિવિરચિત
## શ્રીશંખેશ્વરસાહિબસ્તવન

શ્રી સંખેસર સાહિબ પાસ, મોસું મહિર કરીજે;
ધ્યાન તુમ્હારો નિત ધરીજે, દૂજો ચિત ન દીજે;
સુનિજર એહવી કીજે, સાંમી જિમ ભવજલધિ તરીજે.
શ્રી૦ (૧)

આધકો કહિજે તું ઉપગારી, સોભા સહુમેં સારી;
પિણ અમ્હનેં મૂંકો વીસારી, તૌ સી મહિર તુમ્હારી.
શ્રી૦ (૨)

સેવા કરતાં જે સુખ આપૈ, તે કીધા નો કીધ;
સ્વારથ વિણુ જે દીજે સહુનૈ, દાન તિ કોહિજ દીધ.
શ્રી૦ (૩)

થિર ચિત તાહરી ભગતિ ન થાયે, આલસ અધિકો અંગૈ;
પિણુ પરતીત અછે એ પ્રભુજી, સુખ થાસ્યૈ તુજ સંગે.
શ્રી૦ (૪)

અરજ કરી છે પરતિખ એહવી, જિનસુખસૂરિ જગીસૈ;
સહુ કારિજમૈં કરિજ્યો સાંનિધિ, વિધિ વિધિ વિસવા વીસૈ;
શ્રી૦ (૫)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૪૦ ]

## શ્રીવિજયધર્મસૂરીશ્વરગુરુવર વિરચિત
## શ્રીશંખેશ્વરજિનસ્તવન

શ્રીશંખેશ્વર પાર્શ્વ, સુણો મુજ વિનતિ;
આવ્યો છું હું આજ, આશા મોટી ધરી. ૧
લાખ ચોરાશી જીવા-યોનિ દ્વારા ભમ્યો;
તે માંહે મનુષ્યજન્મ, અતિ હિ દુલ્લહો. (૨)
તે પણ પૂર્વ પુણ્યપસાયે અનુભવ્યો;
તોપણ દેવ ગુરુ ને, ધર્મ ન ઓળખ્યો. (૩)
શું થાશે પ્રભુ મુજ, તુજ કરુણા વિના;
રઝળ્યો શંકની પેરે, પામ્યો વિટંબના. (૪)
ન દીધું શુદ્ધ દાન, સુપાત્રે ભાવથી;
ન પાળ્યું વળી શીયલ, વિડંબ્યો કામથી. (૫)
તપ તપ્યો નહીં કોઈ, આતમને કારણે;
શું ઝાઝું કહું નાથ, જાવું નરક બારણે. (૬)
કીધા મેં જે કર્મ, જો તે વિગરી કહું;
તો લાગે બહુ વાર, ભજન ક્યારે કરું. ૭)
પૂર્વ વિરાધક ભાવથી, ભાવ ન ઉલ્લસે;
ચારિત્ર ડોહળ્યું નાથ, કર્મ મોહની વસે. (૮)
ક્ષણ ક્ષણમાં બહુ વાર, પરિણામની ભિન્નતા;
તે જાણો છો મહારાજ, મારી વિકલતા. (૯)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ ગુણનો લવલેશ, જગત ગુણી કહે;
તે સુણી મારું મન, હરખે અતિ ગહગહે. (૧૦)
પણ થયું મુજ આજ, દર્શન દેવ અતિ ભલું;
પૂર્વ પુણ્ય પ્રયોગે, કલ્પવૃક્ષ ફળ્યું. (૧૧)
માગું દીન–દયાળ, ચરણુની સેવના;
હોજો વૃદ્ધિ-ધર્મની, ભવોભવ ભાવના. (૧૨)

---

[ ૪૧ ]

## શ્રીશંખેશ્વરપાર્શ્વજિનસ્તવન

શ્રીસંખેસર પાસ જિનેસર ભેટિયે,
ભવના સંચિત પાપ પરા સબ મેટિયે;
મન ધર ભાવ અનંત ચરણુયુગ સેવતા,
અણુહુંતે ઈક કોડિ ચતુર્વિધ દેવતા. (૧)
ધ્યાન ધરું પ્રભુ દૂરથકી હું તાહરો,
જલ જિમ લીનો મીન સદા મન માહરો;
ભવ ભવ તુમહી જ દેવ ચરણુ હું સિર ધરું,
ભવસાયરથી તાર અરજ આંહી જ કરું. (૨)
ભૂખ તૃષા તપ સીત આતમ એ નવિ સહે,
તપ જપ સંયમ ભારતણો નવિ નિરવહે;
પણ જિણવરના નામતણી આસત ઘણી,
એહિ જ છે આધાર જગતગુરુ અહ્મ મણી. (૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તુમ દરસણ વિણુ સામ ભવોદધિ હું ફર્યો,
સહિયા દુઃખ અનેક ન કારજ કો સર્યો;
મિલિયા હિવ પ્રભુ મુજ સદા સુખ દીજીયૈ,
ચઉગઈ સંકટ ચૂર જગત જસ લીજીયૈ. (૪)
યાદવપતિ શ્રીકૃષ્ણુતણી આરતિ હરી,
સેના કીધ સચેત જરા દૂરૈ કરી;
પરચા પૂરણ પાસ રયણ જિમ દીપતો,
જયવંતો જિણચંદ સયલ રિપુ જીપતો. (૫)

[ ૪૨ ]

## શ્રીશંખેશ્વરપાર્શ્વજિનસ્તવન

( રાગ–વેલાઉલ )

સુખદાતા સંખેસરો, લછી લીલા આપૈ;
અરિઅણ દલ અલગા કરૈ, જગમેં જશ થાપૈં.
સુખદાતા૦ (૧)
તેજી તુરંગમ વાલિમા, મયગલ મલપંતા;
સંખેસરો સંભારતા, જયલછી વરંતા. સુખદાતા૦ (૨)
મનવંછિત મહિલા મિલૈં, બંધવની જોડી;
ભાવેં જિનજી ભેટતાં, ધણુ કંચન કોડી. સુખદાતા૦ (૩)
પુજા પરતિખ પૂરતો, સેવકની આસ;
મન મનોરથ પૂરવૈ, શ્રી સંખેસર પાસ. સુખદાતા૦ (૪)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हिन्दी स्तवन

## [ ४३ ]

## उपाध्याय श्रीयशोविजयजी विरचित
## श्रीशंखेश्वरपार्श्वनाथस्तवन

अब मोहे ऐसी आय बनी;
श्रीशङ्खेश्वर पास जिनेसर,
मेरे तुं एक धनी ॥ अब० (१)
तुं बिनु कोउ चित्त न सुहावे,
आवे कोडि गुणी;
मेरो मन तुज उपर रसियो,
अलि जिम कमल भणी ॥ अब० (२)
तुम नामे सवि संकट चूरे,
नागराज धरणी;
नाम जपुं निशि वासर तेरो,
ए शुभ मुज करणी ॥ अब० (३)
कोपानल उपजावत दुर्जन,
मथत वचन अरनी;
नाम जपुं जलधार तिहां तुज,
धारुं दुःखहरनी ॥ अब० (४)
मिथ्यामति बहु जन है जगमें,
पद न धरत धरनी;
उनको अब तुज भक्ति प्रभावें,
भय नहि एक कनी ॥ अब० (५)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सज्जननयन सुधारसअंजन,
दुरजन रवि भरनी;
तुज मूरति निरखे सो पावे,
सुख जस लील धनी ॥ अब० (६)

---

[ ४४ ]

## श्रीमाणिक्यविजयजी विरचित

## श्रीशंखेश्वरपार्श्वनाथस्तवन

( नर मोहीडा तोसें अबहि रे बोलूं रे
चलजा रे जीवडा कांई दे कांनीया. नर मोहेडा–ए देशी)

प्रीत बनी निभाईय बनेंगी,
सुनो अब मेरे संखेश्वर सांईयां । प्री०
और ठोर बहु प्रीत करत हैं,
भक्तकी रीत कठिन करीईया ॥ प्री० [१]
बालक गोद पर्यो बहु गुंदे,
उर थल लायकें ले तबलीया । प्री०
गौवा चरत बन बन बहुवायें,
तहि पयपान हि पोस धरीया ॥ प्री० [२]
जल चरती चलति जो जावत,
निज तनु तनुरथपाल तह हईयां । प्री०
पनीहारी कुंभ पर छपालत,
चाले बटकति तारी दैयां ॥ प्री० [३]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सेव्यो निज जांनी नावपे तारत,
तारक बिरुद् ए आप वरैया। प्री०
सकल जगत को जलद् जीवावत,
दाम न मांगत दान वभईया ॥ प्री० [४]
भानु उद्योत करे महिमावत,
किते जन देत हैं रोक रूपैया। प्री०
इसे न्याय कैते ज्यो कहावत,
आप तरे अब मोहि तरैया ॥ प्री० [५]
विजयजिनेन्द्रसूरि संग उमंगे,
श्रीशंखेश्वर सार करैयां। प्री०
चिर रवि हुय मेरु जुं प्रतपो,
ठकुराई थिर थापैयां ॥ प्री० [६]
त्रिहु जगमां हि जिन तेरो ही महिमा,
जय जय बोलत जगजनैयां। प्री०
माणक कहे अब इतनो ही मांगु,
दीज चरन सेवा फल पईयां प्री० [७]

[ ४९ ]

## शंखेसरपासस्तवन

( "वाडीं मांहे वड घणा पेंपळ गुहीर गंभीर"–ए देशी )

थे छो म्हांरा ठाकुरजी.
म्हे चाकर, महाराज।
महिर करो म्हां ऊपरि जा.
कांई अरज करां छां आज ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सणो साहिबीया, हो राज,
कांइ अजब वनि, थां स्युं आसकी,
सुणो, साहिबीया, हो राज,
कांई नवल वण्यो, थां सुं नेह जी (१)

जीयांरि जिणसुं बनीजी,
तीयांरे दिल लेह ।
आंखि न जोडि उरस्युंजी,
ज्युं न गमि जवासांने मेह ॥ सु० (२)

चकोरां चंदो रूचिजी,
चकवि चाहे दीह ।
त्युं थे म्हांनें वाल्हा हाजी,
कांई, लाल, लोपां नही लीह ॥ सु० (३)

रागी म्हें छां, राउलाजी,
दासांरा छां दास ।
दिल मेली म्हांसु मिलोजी,
कांई प्रभु थें, शंखेसर पास ॥ सु० (४)

दरसण थोरो देखतांजी,
उदयरतन कहें आज ।
कोडि फली मन कामनांजी,
सखर पायो सा सुष साज ॥ सु० (५)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ४६ ]

## श्रीरंगविजयजी विरचित
## श्रीशंखेश्वरपार्श्वनाथस्तवन

श्रीशंखेश्वर पास जिनेसर अरजी सुनोजी,
कर मेरबांनी हां रे मेरी अरज० (आंकणी)

तारक बिरुद सुनी में आयो,
तुम चरणें सरनां जानी ॥ श्री० ॥ [१]

सोल सहस मुनि आदि जुगति,
तारें तुम अमृत बांनो ।
उनकुं आतिमऋद्धि भर सिद्धे,
पाए परम प्रभुजी दानी ॥ श्री० ॥ [२]

पन्नग पावक जलतो उगार्यो,
ज्ञान दिसा तुम पहेंचानी ।
उनकुं दरस सरस भयो तेरो,
सुरपति पदवी छहेरानी ॥ श्री० ॥ [३]

में आयो एह कीरत सुनकें,
विनति एक सुनिये ज्ञानी ।
भवोभव तुम चरनांकी सेवा,
साहिब दीजें दिल मानी ॥ श्री० ॥ [४]

अश्वसेन वामाजीको नंदन,
वंदत जगके सुलतानी ।
अब तो लेहेरमेहर मोय कीजें,
रंग सदा शिव सुख दानी ॥ श्री० ॥ [५]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ४७ ]

श्रीप्रभुविरचित

## श्रीशंखेश्वरपार्श्वनाथस्तवन

( ठुमरीनी चाल )

जगजीवनकी छबी देख सखी,
मेरे नयन में छवि बाह रही ।
अने हां हां जगजीवनकी० (१)

हांरे मति लीन भई तद् ग्यांन मई,
अब रंग सुरंग में लीन सखीरी,
प्रेम फंद में आन परी ।
अने हां हां जगजीवनकी० (२)

चंद्र चकोर ज्युं लीन भई,
दृग जोतमें जोति मिलाय रही ।
अने हां हां जगजीवनकी० (३)

प्रभु कहे प्रभु पास शंखेश्वर,
देखत सुरवधू मोही रही ।
अने हां हां जगजीवनकी० (४)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ४८ ]

## श्रीचिदानंदजी विरचित
## श्रीशंखेश्वरपार्श्वनाथस्तवन

( चाल—नथणीसे ळळकारुंगी )

श्रीशंखेसर पास जिणंदके,
चरण कमल चित्त लागी ।
सुणजो रे सज्जन नित्य ध्याउंगी; [ आंकणी ]
एहवा पण दृढ धारी हियामें
अन्य द्वार नहि जाउंगी ॥ सुण० ॥ [ १ ]
सुंदर सुरंग सलूणी मूरत,
निरख नयन सुख पाउंगी ॥ सुण० ॥ [ २ ]
चम्पा चमेली अरु मोगरा,
अंगीया अंग रचाउंगी ॥ सुण० ॥ [ ३ ]
शीलादिक शणगार सजी नित्य,
नाटक प्रभुकुं दिखाउंगी ॥ सुण० ॥ [ ४ ]
चिदानंद प्रभु प्राण जीवनकुं,
मोतीयन थाल वधाउंगी ॥ सुण० ॥ [ ५ ]

---

[ ४९ ]

## श्रीविजयानंदसूरि (आत्मारामजी) म० रचित
## श्रीशङ्खेश्वरपार्श्वजिनस्तवन

मोरी बैयां तो पकर शंखेश्वरा श्याम, मोरी ।
करुणारस भरे तोरे नयन श्याम, मोरी बैयां० (१)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तुम तो तार फणींद जग साचे, तुम तो० ।
हमकु विसार न करुणाधाम, मोरी बैयां० (२)
जादवपति अरति तैं कापी, जादव० ।
धारित जगत शंखेश नाम, मोरी बैयां० (३)
हम तो काल पंचम वश आये, हम तो० ।
तुमेरो ही शरण जिनेश नाम, मोरी बैयां० (४)
संयम तप करणे शुद्ध शक्ति, संयम० ।
न धरुं कर्म झकोर पाम, मोरी बैयां० (५)
आनंद रस पूरण सुख देखी, आनंद० ।
आनंद पूरण आतमाराम मोरी बैयां० (६)

---

[ ५० ]

## श्रीविजयानंदसूरि(आत्मारामजी) म० रचित
## श्रीशङ्खेश्वरपार्श्वजिनस्तवन

( राग-कलींगडा )

पास प्रभु रे तुम हम सीर के मोर,
पास प्रभु० [ ए आंकणी ]
जो कोई सिमरे शंखेश्वर प्रभु रे ।
डारेगा पाप नीचोर ॥ पास० [१]
तुं मनमोहन चिद्घन स्वामी रे ।
साहिब चंद चकोर ॥ पास० [२]
तुं मन विकसे भविजन केरा रे ।
फारेगा कर्म हिंडोर ॥ पास० [३]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तुंमज सुनेगा दिल्की वातां रे ।
तारोगा नाथ खरोर ॥ पास० [४]
तुंमज आतम आनंद दाता रे ।
ध्याता हुं तुमरा किसोर ॥ पास० [५]

## [ ५१ ]

## श्रीविजयानंदसूरि(आत्मारामजी) म० रचित

## श्रीशंखेश्वरपार्श्वनाथस्तवन

( राग—कलिंगडानी ठुमरी )

तोरी छबी मनोहारी शंखेश श्याम,
नीलांबुजवत तोरे नयन श्याम, तोरी छबी० [आंकणी]
चंद्र जू वदन जगत तुम भासे ।
कलमल पंक पखारे नाम ॥ तोरी० [१]
नील वरण तनु भवि मन मोहे ।
सोहे त्रिभुवन करुणाधाम ॥ तोरी० [२]
पारस पारससम करे जनको ।
हाटक करनन तुमरो काम ॥ तोरी० [३]
अजर अखंडित मंडित निज गुन ।
ईश निरंजन पूरे काम ॥ तोरी० [४]
अनघ अमल अज चिद्घनराशि ।
आनंदघन प्रभु आतमराम ॥ तोरी० [५]

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ६२ ]

## श्रीविजयानंदसूरि (आत्मारामजी) म० रचित

## श्रीशङ्खेश्वरपार्श्वनाथस्तवन

( राग : वीतरागको देख दरश:—ए देशी )

श्रीशंखेश्वर देख दरश,
कुमति मेरी मीट गई रे।
ज्ञानी बचन पूजा रस छायो,
नास कष्ट भविजन मन भायो।
बुं जिन मूरति रंग देख,
दुर्गति मेरी खुट गई रे॥ श्री० (१)
निर्विकार वामा संग त्यागी,
जप माला नहि नाथ नीरागी।
शस्त्र नहि कर द्वेष मीटे,
भ्रमता सब छूट गई रे॥ श्री० (२)
आनंद मंगल जगमें चार,
मंगल प्रथम ही जग किरतार।
श्रीवामा सुत पास तुंही,
अघभ्रांति मीट गई रे॥ श्री० (३)
श्याम मेघ सम पासजी निरखी,
आतमआनंद शिखी जिम हरखी।
करत शब्द मुख पास तुंही,
पद्मी रटना रट गई रे॥ श्री० (४)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ५३ ]

## श्रीउदयरतन विरचित शंखेश्वरपार्श्वनाथस्तवन

अजब बनी हे मूरती जिनकी अजब०
निरखत नेन थकीत भये मेरे।
मीट गई पलकमें मूढता मनकी ॥ अजब० (१)
अंगे अंगीया अनुपम ओपे।
झगमग ज्योति झराव रतनकी ॥ अजब० (२)
प्रभुकी महेर नजर पर वारू।
तनमन सब कोरा कौरि धनकी ॥ अजब० (३)
अहनिश आंण वहे शिर सुरपति।
मनमोहन अश्वसेन सुतनकी ॥ अजब० (४)
उदयरतनप्रभु पास शंखेश्वर।
मान लीओ खिजमति सब दीनकी ॥ अजब० (५)

---

[ ५४ ]

## श्रीउदयरतन विरचित श्रीशंखेश्वरपार्श्वनाथस्तवन

प्यारो पारसनाथ, पूजाओं रसिया प्यारो०
पारसनाथके शिर पर सोहे।
जडित मुंगत फणी उलसीया ॥ प्यारो० (१)
केशरमें प्रभु पास शंखेश्वर।
रहे गरकाव मेरे दील वसिया ॥ प्यारो० (२)
चिहुं दिशि दीपक ज्योति बिराजे।
याथी पाप तिमिर तो खसीया ॥ प्यारो० (३)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वढीयार देसमें तीकोए साहेब ।
लीई तीन भुवनको जे तसीया ॥ प्यारो० (४)
यदुकुलकी जेणे जरा निवारी ।
घणु कमठ कठोर को मद घसीया ॥ प्यारो० (५)
जगपति ए जिनराजने जोतां ।
मेरे नेनकमल दोनुं हसीया ॥ प्यारो० (६)
उदयरतन चा प्रभुने नमवा ।
संघ आवे बहु धसमसीया ॥ प्यारो० (७)

[ ५५ ]

## श्रीहर्षविजयजी महाराज विरचित
## श्रीशंखेश्वरपार्श्वजिनस्तवन

( माइजो कृत–जिनंद तोरे चरण कमलकी रे–ए देशी )

श्रीशंखेश्वर दरशन कर रे,
कर रे कर रे कर रे कर रे [ए आंकणी]
अद्‌भुत रूप मनोहर सुंदर,
देखत तन मन हर रे ।
अकल सरूपी जगत जयंकर ।
काम क्रोध सब झर रे ॥ श्री० [१]
कमठासुरको मान भंजन कर,
जगत जयकार तुं कर रे ।
जादव संकट दूर करीने,
नाम शंखेश्वर धर रे ॥ श्री० [२]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



देश देशांतर संघ आवे,
पूजा नवनवी कर रे ।
अंगकी रचना पापकी कटना,
सकल कर्म दूर टर रे ॥ श्री० [३]
राधनपुर संघ मली अति सुंदर,
ओछव रचना भर रे ।
संघपति शिवचंद्भाई हर्षी,
जन्म जन्म दुःख हर रे ॥ श्री० [४]
वदी कार्तिक पंचमीने दिवसे,
यात्रा करी मनहर रे ।
सकल संघकुं महानंद उपजे,
ओछव मंगल वर रे ॥ श्री० [५]
वामानंदन जगदुःखखंडन,
चंद वदन सम धर रे ।
मूर्ति प्यारी मोहनगारी,
निरखत आनंद भर रे ॥ श्री० [६]
संवत सागर चार अंग विधु,
ऊर्ज मास वदी खर रें ।
पास शंखेश्वर प्रभु अलवेसर,
मुक्तिरमणीकुं वर रे ॥ श्री० [७]
क्रोध लोभ सब दूर निवारी,
पास प्रभु चित्त धर रे ।
आतम लक्ष्मी ते पद पामी,
आनंद हर्ष तुं वर रे ॥ श्री० [८]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્તુતિઓ

## श्रीशङ्खेश्वरपार्श्वजिनस्तुतिः

मदमहीधरदारणसत्पविं
  मदनमत्तमतङ्गजसत्सृणिम् ।
रुचिरशंखपुरीभुवि नायकं
  जिनवरं प्रणवीमि सुखप्रदम् ॥ १ ॥
विमतिकर्दमशोषणभास्करा
  विविधविश्ववितानसुसेविताः ।
कठिनकर्ममहीरुहसिन्धुरा
  जिनवरा विभवाय भवन्तु मे ॥ २ ॥
जिनवरैर्गदितं सुजिनाऽऽगमं
  विपुलभङ्गसुसङ्गसमन्वितम् ।
विविधजीवदयारसबन्धुरं
  सकललोकहितं प्रणमाम्यहम् ॥ ३ ॥
प्रभुपदाम्बुजभृङ्गसमोपमो
  निखिलविघ्नविघातनसोद्यमः ।
प्रवरशङ्खपुरीस्थजिनानुगः
  स मम पार्श्वसुरोऽस्तु सुखप्रदः ॥ ४ ॥

---

[ २ ]

## श्रीशङ्खेश्वरपार्श्वजिनस्तुतिः

नो वह्निर्नोरगेन्द्रा
  न च विषमविषं शाकिनी नातिचण्डा



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नो मन्त्रा नैव तन्त्रा
न च सकलरिपुर्विग्रहो नो पिशाचाः ।
नो व्याघ्रो नैव सिंहः
प्रभवति पुरुषं व्याधिरेकोऽपि नो तं
श्रीमच्छङ्खेश्वरस्थं भुवनपतिनतं
य स्मरेत् पार्श्वनाथम् ॥ १ ॥

[ ३ ]

श्रीशङ्खेश्वरपार्श्वजिनस्तुतिः

श्रीशंखेश्वरमण्डनं जिनवरं
पार्श्वं स्तुवे कामदं
श्रीमन्तोऽन्यजिनेश्वरा
जगति ये तान् नौम्यहं सर्वदा ।
निःश्रेयास्पददायकं नतसुरं
वन्दे तथा चागमं
श्रीपद्मावति देवते !
भव सदैवामेदशिष्ये शुभा ॥

[ ४ ]

श्रीहंसरत्न विरचित श्रीशंखेश्वरपार्श्वजिनस्तुति

કલ્યાણકારક, દુઃખનિવારક, સકલસુખ આવાસ,
સંસારતારક, મદનમારક, શ્રીસંખેશ્વર પાસ;
અશ્વસેનનંદન, ભવિઆનંદન, વિશ્વવંદન દેવ,
ભવભીતિભંજન, કમઠગંજન, નમીજે નિત્યમેવ. (૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રયલોકદીપક, મોહઝીપક, શિવસરોવર હંસ,
મુનિધ્યાનમંડન, દુરિતખંડન, ભુવન શિરઅવતંસ;
દ્રવ્ય ભાવ થાપન, નામ ભેદન, જસ નિખેવા ચાર,
તે દેવદેવા, મુક્તિ લેવા, નમો નિત્ય સુખકાર. (૨)
ષટ્ દ્રવ્ય ગુણ પરજાય નયગમ, ભેદ વિશદ વાણી,
સંસાર પારાવાર તરણી, કુમતિ કંદ કૃપાણી;
મિથ્યાત્વભૂધર, શિખરભેદન, વજ્ર સમ જેહ જાણી,
અતિ ભગતિ આણી, ભવિ પ્રાણી, સુણો તે જિનવાણી. (૩)
જસ વદન શારદ, ચંદ સુંદર, સુધાસદન વિશાલ,
નિકલંક સકલ, કલંક તમહર, અંગ અતિ સુકુમાલ;
પદમાવતી સા, ભગવતી સવિ, વિઘ્નહરણ સુજાણી,
શ્રીસંઘને કલ્યાણકારણી, હંસ કહે હિત આણી. (૪)

[ ૫ ]

## શ્રીનયવિમલ વિરચિત શ્રીશંખેશ્વરપાર્શ્વજિનસ્તુતિ

શંખેશ્વર પાસજી પૂજીએ, નર ભવનો લાહો લીજીએ;
મન વાંછિત પૂરણ સુરતરુ, જય વામાસુત અલવેસરુ. (૧)
દોયરાતા જિનવર અતિ ભલા, દોય ધોલા જિનવર ગુણનીલા;
દોય નીલા દોય શામળા કહ્યા, સોલે જિન કંચનવર્ણ લહ્યા (૨)
આગમ જે જિનવર ભાખીયો, ગણધર તે હિયડે રાખીયો;
તેહનો રસ જેણે ચાખીયો, તે હુઓ શિવસુખ સાખીયો. (૩)
ધરણીધર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વતણા ગુણ ગાવતી;
સહુ સંઘનાં સંકટ ચૂરતી, નયવિમલનાં વાંછિત પૂરતી. (૪)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૬ ]

## ઉપાધ્યાય શ્રીતેજરુચિ વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વજિનસ્તુતિ

શ્રીશંખેશ્વર પાસ જિણુંદ, દરિસણુ દીઠે અતિ આનંદ,
મોહનવલ્લી કંદ,
પ્રત્યક્ષ મહિમા જેહનો જાણી, આવે સુરનર ઉત્તમ પ્રાણી,
ભાવ ભક્તિ મન આણી;
પુરિસાદાણી પુહવી પ્રસિદ્ધ, નામ જપંતાં સઘળી રિદ્ધ,
દરિસણુથી નવે નિદ્ધ,
મહિમાવંત મન મોહન સ્વામી, પૂરવ પુન્યપસાયે પામી,
સેવો અહોનિશ ધામી. (૧)
સિત્તેર સો જિન સમરણુ કીજે, માનવ ભવનો લાહો લીજે,
કારજ સઘળાં સીઝે,
પન્નરે ક્ષેત્રે એહ જિણુંદ, સેવ કરે જસ સુરનર ઈંદ્ર,
ટાલે દોહગ દ્વંદ;
સંપ્રતિ કાલે જિનવર વીશ, સીમંધરાદિક નામું શીશ,
ભાવ ભલે જગદીશ,
સિત્તેર સો જિન યંત્ર પસાય, અલીય વિઘન સવી દૂરે જાય,
મનવાંછિત ફલ થાય. (૨)
સાધુ સાધ્વી વૈમાનિક દેવી, અગ્નિખુણે એહ પર્ષદા લેવી,
જિનવાણી નિસુણેવી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભુવનપતિ વળી વ્યંતર દેવી, જ્યોતિષી દેવી એમ કહેવી,
નૈઋતખુણે રહેવી;
વાયવ્ય ખુણે વળી વ્યંતર દેવા, ભુવનપતિ જ્યોતિષી કરે સેવા,
બોધિબીજ ફળ લેવા,
વૈમાનિક દેવ રાજા રાણી, ઈશાનખુણે એહ કહાણી,
ઇમ સુણે સહુ જિનવાણી. (૩)
ઘમ ઘમ કરતી ઘુઘરી ઘમકે, કટીલંકે કટીમેખલા ખલકે,
બાંહે બહેરખાં ઝલકે,
મસ્તક વેણી વાંસે વસીઓ, સાર શરીરે કંચુક કસીઓ,
જિનચરણે ચિત્ત વસીઓ;
ધરણેંદ્ર જાયા રંગ રસાલી, અતિયશા જાણે સાર મરાલી,
પાસશાસન રખવાળી,
શ્રીતપગચ્છે સુવિહિત સુખદાઈ, તેજરુચિ વિબુધ વરદાઈ;
ઘો દોલત મુજ માઈ. (૪)

---

[ ૭ ]

## શ્રીનયવિજય વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વજિનસ્તુતિ

શ્રીસંખેસર પાસ જિણંદ, જસ મુખ સોહે પુનિમચંદ,
સાચો સુરતરુ કંદ,
અશ્વસેન કુલ કમલ દિણંદ, વામા રાણી કેરો નંદ,
નામે પરમાણંદ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચરણ કમલ સેવે નાગિંદ, તુઠો આપે પરમાનંદ,
ટાળે ભવ ભય ફંદ,
જેહને સેવે સુર નર ઇંદ, જસ સમરણ લહીઈ આણંદ,
વંદો પાસજિણંદ. (૧)
શેત્રુંજે શ્રીઋષભ જિનેશ, અષ્ટાપદ જિનવર ચઉવીસ,
સમેતશિખર જિન વીશ,
આબૂઈ શ્રી આદિ જિણેસ, તારંગે વંદુ અજિત જિણેસ,
ગિરનારેં નેમીશ;
સંખેસર શ્રીપાસ જિણેશ, અંતરિક પ્રણમું જગદીશ,
વિહરમાન જિન વીસ,
અવર જિકે છે જગદીશ, સ્વર્ગ મૃત્યુ પાતાલ જગીસ,
તે વંદુ નિશ દિસ. (૨)
અંગ ઇગ્યાર ઉપાંગ વલી બાર, દશ પઈન્નાં છ ભેદ સાર,
નંદિ અનુજોગદ્વાર,
વારુ મૂલ સૂત્ર ચાર, જેહ માંહે છે સકલ વિચાર,
શિવસંપત્તિ દાતાર;
જિનવર ભાખે અરથ ઉદાર, ગણધર સૂત્ર રચે અતિસાર,
જીવાજીવ વિચાર,
જેહથી લહિઈ ભવનો પાર, તે સિદ્ધાંત સુણો નરનાર,
આણી ભાવ અપાર. (૩)
ચરણે નેઉર રમઝમકાર, કાંકણિ સબદ સમૂહ સફાર,
કટિમેખલ ખલકાર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉર વર સોહે મનોહર હાર, ભૂષણ ભૂષિત અંગ ઉદાર,
શોભિત સોલ શૃંગાર;
પાસ જિણેસર ચરણાધાર, સેવક જનને દિઈ આધાર,
સંઘ સકલ સુખકાર,
પદ્માવતી દેવી મનોહાર, પંડિત જ્ઞાનવિજય સુખકાર,
નયવિજય જયકાર. ૪ )

---

[ ૮ ]

## શ્રીરંગવિજય વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વજિન સ્તુતિ

શ્રીશંખેશ્વર પાસ જિણેસર, વીનતી મુજ અવધારો જી,
દુરમતિ કાપી સમકિત આપી, નિજ સેવકને તારો જી;
તું જગનાયક શિવસુખદાયક, તું ત્રિભુવન સુખકારી જી,
હરિ હિતકારી પ્રભુ ઉપગારી, યાદવ જરા નિવારી જી. (૧)
શ્રી શંખેસરપુર અતિ સુંદર, જિહાં જિન આપ વિરાજે જી,
સુરગિરિ સમ અતિધવલ પ્રાસાદે, દંડ કલશ ધ્વજ રાજે જી;
ચિહુ દિસિ બાવન જિન મંદિરમેં, ચોવીસે જિન વંદો જી,
ભીડભજંન જગગુરુ મુખ નિરખો,
જિમ ચિર કાલેં નંદોજી. (૨)
શ્રીશંખેશ્વર સાહિબ દરીસન, સંઘ બહુ તિહાં આવે જી,
ઘન કેકી જિમ જિનમુખ નિરખી, ગોરી મંગલ ગાવે જી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આઠ સતર એકવીસ પ્રકારેં, અઠોત્તર બહુ ભેદેં જી,
આગમરીતેં જે જગગુરુ પૂજે, કર્મ કઠિનનેં છેદેં જી. (૩)
શંખેશ્વરનેં જિમણેં પાસેં, મા પદમાવતી દીપેં જી,
સુરપતિ ધરણુરાજ પટરાણી, તેજેં રવિશશી જીપે જી;
તપગચ્છપતિશ્રીવિજયજિણંદસૂરિ,
અહનિસિ તસ આરાધેં જી,
કૃષ્ણુવિજય જિનસેવા કરતાં રંગ અધિક જસ વાધેં જી (૪)

---

[ ૯ ]

## શ્રીતત્ત્વવિજય વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વજિનસ્તુતિ

શ્રીપાસ જિણેસર ભુવન દિણેસર, સંખેશ્વરપુર સોહે જી,
બાવનાચંદન ઘસી ઘણું ભાવે, પૂજંતાં મન મોહે જી;
પુરિસાદાણી વામા રાણી–જાયો એહ જિણંદો જી,
કમઠા હઠ એહ સઠ નિવારિ, નાગ કીયો ધરિણંદો જી. (૧)
ઋષભાદિક ચોવીસે જિનવર, ભાવ ધરીનેં વંદો જી,
વર્તમાન જિન મૂર્તિ દેખી, હઈડે હોએ આણંદો જી;
અઢીદ્વીપમાં હુઆ વલી હોસે, જિનવર કરું પ્રણામ જી.
કર્મ ક્ષય કરી મુગતે પોહતા, ધ્યાઉં તસ જિન નામજી. (૨)
જિનવરવાણી અમીય સમાણી, સકલ ગુણની ખાણી જી,
ઈગ્યાર અંગ ને બાર ઉપાંગ જ, ગણધરદેવ ગુંથાણી જી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે જે લોકો સુણો રે ભવિકા, હૃદયે ઉલટ આણી જી.
ભવોદધિનો પાર ઉતરવા, નાવા રુડી જાણી જી. (૩)
રજનીકરમુખી મૃગલોચની, દેવી શ્રીપદ્માવતી જી,
ઉપદ્રવ હણતી વંછિત પૂરતી, પાસના ગુણ જે ગાવતી જી;
ચઉવિહ સંઘને રખ્યાકારી, પાપ તિમિરને કાપે જી,
દેવવિજય કવિ સીસ તત્ત્વને, વંછિત તેહ જ આપે જી (૪)

---

## છંદ, લાવણી, પદ વગેરે

## શ્રીઉત્તમવિજય વિરચિત
## શ્રીપાર્શ્વનાથ ૧૦૮ નામ ગર્ભિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વજિન છંદ

( કડખાની દેશી )

પાસ જિનરાજ સુણ આજ સંખેસરા,
પરમ પરમેશ્વરા વિશ્વ વ્યાપ્યો;
ભીડ ભાગી જશ જાદવાની જઈ,
થિર થઈ શંખપુરે તામ થાપ્યો. પાસ. (૧)

સાર કર સાર મનોહાર મહારાજ તું,
માન મુજ વિનતિ મન્ન માચી;
અવર દેવો તણી આશ કુણ કામની,
સ્વામીની સેવના એક સાચી. પાસ૦ (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તુંહી અરિહંત ભગવંત ભવતારણો,
વારણો દુઃખભય વિષમ વાટે;
તુંહી સુખ કારણો સારણો કાજ સહુ,
તુંહી મનોહારણો સાચ માટે. પાસ૦ (૩)

અંતરીક અમીઝરા પાસ પંચાસરા,
ભોંયરા પાસ ભાભા ભટેવા;
વિજયચિંતામણિ, સોમચિંતામણિ,
સ્વામી સીપ્રાતણી કરીએ સેવા. પાસ૦ (૪)

ફલવધિ પાસ મનમોહના મગસિયા,
તારસલ્લા નમું નાંહિ તોટા;
સકબલેચા પ્રભુ આસગુલ અરજિયા,
બંભણા થંભણા પાસ મોટા. પાસ૦ (૫)

ગેબી ગોડી પ્રભુ નીલકંઠા નમું,
હલધરા શામલા પાસ પ્યારા;
સુરસરા કંકણા પાસ દાદાવલી,
સુરજમંડણ નમું તરણતારા. પાસ૦ (૬)

જગતવલ્લભ કલિકુંડ ચિંતામણિ,
લોઢણા સેરિસા સ્વામી નમીયે;
નાકોડા ઉન્નાવલા કલિયુગા રાવણા,
પોસીના પાસ નમી દુઃખ દમીએ. પાસ૦ (૭)

સ્વામી માણેક નમું નાસીરોડિયા,
કુણગેર વાડી જગીશા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાયલી દેલતી પ્રસમિયા મુંજપરા,
ગાડરિયા પ્રભુ ગુણુ ગરીશા. પાસ૦ (૮)
હમીરપુર પાસ પ્રણુમું વલી નવલખા,
ભીડભંજન પ્રભુ ભીડ ભાંગે;
દુઃખભજંન પ્રભુ ડોકરિયા નમું,
પાસ જીરાવલા જગત જાગે. પાસ૦ (૯)
અવંતિ ઉજ્જેણુીએ સહસફણુ સાહિબા,
મહિમ્મદાવાદી કોકા કડેરા;
નારિંગા ચંચુ ચવલોસરા તુવરી,
ફલવિહાર નાગેંદ્ર નેરા. પાસ૦ (૧૦)
પાસ કલ્યાણુ ગંગાણીયા પ્રણુમીએ,
પલ્લવિહાર નાગેંદ્રનાથા;
કુરકટ ઇશ્વિરા પાસ છત્રા અહિ,
કમઠ દેવે નમ્યા શક્ર સાથા. પાસ૦ (૧૧)
તિમરી ગોગો પ્રભુ દુધિયા વલ્લભા,
શંખલઘૃતકલ્લોલ બૂઢા;
ધીંગડમલ્લા પ્રભુ પાસ ઝોટીંગજી,
જાસ મહિમા નહિ જગત ગૂઢા. પાસ૦ (૧૨)
ચોરવાડી જિનરાજ ઉદ્દામણી,
પાસ અજાહરા ને વનંગા,
કાપડે રાવ જેવો પ્રભુ છે બલી,
સુખસાગર તણુા કરીએ સંગા. પાસ૦ (૧૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજ્જુલા કરકડૂ મંડલી કાલી,
મહુરિયા શ્રીફલોધિ અણીંદા;
અઉવા કુલપાક કંસારિયા ઉંબરા,
અણિયલા પ્રાસ પ્રણમું આણંદા. પાસ૦ (૧૪)
નવસારી નવપલ્લવ પાસજી,
શ્રીમહાદેવ વરકાણુ વાસી;
પરોકલ ટાંકલ નવ્વખંડા નમો,
ભવતણી જાય તેહથી ઉદાસી. પાસ૦ (૧૫)
મનવંછિત પ્રભુ પાસજીને નમું,
વલી નમું નાથ સાચા નગીના;
દુઃખ દોહગ તજી સાધુમારગ ભજી,
કરમના કેશરીથી ન બીહના. પાસ૦ (૧૬)
અશ્વનૃપ નંદ કુલચંદ પ્રભુ અલવરા,
બીબડા પાસ કલ્યાણ રાયા;
હોય કલ્યાણ જસ નામથી જય હુએ,
જનની વામાને ધન્ય જેહ જાયા. પાસ૦ (૧૭)
એકશત આઠ પ્રભુ પાસ નામે થુણ્યો,
સુખ સંપત્તિ લહ્યો સર્વ વાતે;
રિદ્ધિ જસ સંપદા સુખ શરીરે સદા,
નહિ મણા માહરે કોઈ વાતે. પાસ૦ (૧૮)
સાચ જાણી સ્તવ્યો મન્ન માહરે ગમ્યો,
પાસ હૃદયે રમ્યો પરમ પ્રીતે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમીહિત સિદ્ધ નવ નિધ પામ્યો સહુ,
મુજ થકી જગતમાં કોણ જીતે. પાસ૦ (૧૯)
કારજ સહુ સારજે શત્રુ સંહારજે,
પાસ સંખેશ્વરા મોજ પાઉં;
નિત્ય પરભાત ઊઠી નમું નાથજી,
તુજ વિના અવર ગુણ કાજ ધ્યાઉં. પાસ૦ (૨૦)
અઢાર એકાસિયે ફાલ્ગુન માસીએ,
બીજ કજ્જલ પ્રભુ છંદ કરીઓ;
ગોતમ ગુરુતણા વિજય ખુશાલનો,
ઉત્તમે સંપદા સુખ વરીઓ. પાસ૦ (૨૧)

---

[ ૨ ]

## શ્રીઉદયરત્ન વિરચિત

## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથ છંદ

પાસ સંખેશ્વરા સાર કર સેવકાં,
દેવકાં એવડી વાર લાગે;
કોડી કર જોડી દરબાર આગે ખડા,
ઠાકુરા ચાકુરા માન માગે. (૧)
પ્રગટ થા પાસજી મેલી પડદો પરો,
મોડ અસુરાણને આપ છોડો;
મુજ મહિરાણ મંજુષમાં પેસીને,
ખલકના નાથજી બંધ ખોલો. (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતમાં દેવ જગદીશ તું જાગતો,
એમ શું આજ જિનરાજ ઉંઘે
મોટા દાનેશ્વરી તેહને દાખીયે,
દાન દે જેહ જગ કાળ મોંઘે.
ભીડ પડી જાદવા જોર લાગી જરા,
તતક્ષણ ત્રીકમેં તુજ સંભાર્યો (૧)
પ્રગટ પાતાલથી પલકમાં તેં પ્રભુ,
ભક્ત જન તેહનો ભય નિવાર્યો. (૨)
આદિ અનાદિ અરિહંત તું એક છે,
દીનદયાળ છે કોણ દૂજો;
ઉદયરત્ન કહે પ્રગટ પ્રભુ પાસજી,
પામી ભયભંજનો એહ પૂજો. (૫)

---

[ ૩ ]

## શ્રીઉદયરત્ન વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વજિન છંદ

સેવો પાસ સંખેસરો મન્ન શુદ્ધે,
નમો નાથ નિશ્ચે કરી એક બુદ્ધે;
દેવી દેવલાં અન્યને શું નમો છો,
અહો ભવ્યલોકો ભુલા કાં ભમો છો. (૧)
ત્રિલોકના નાથને શું તજો છો,
પડયા પાસમાં ભૂતને કાં ભજો છો (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુરધેનુ છંડી અજા શું અજો છો,
મહાપંથ મૂકી કુપંથે વ્રજો છો. (૨)

જે કોણ ચિંતામણિ કાચ માટે,
ગ્રહે કોણ રાસભને હસ્તિ સાટે;
સુરદ્રુમ ઉપાડી કુણ આક વાવે,
મહામૂઢ ને આકુલા અંત પાવે. (૩)

કિહાં કાંકરો ને કિહાં મેરુશૃંગં,
કિહાં કેશરી ને કિહાં તે કુરંગં;
કિહાં વિશ્વનાથં કિહાં અન્યદેવા,
કરો એક ચિત્તે પ્રભુ પાર્શ્વસેવા. (૪)

પૂજો દેવ પ્રભાવતી પ્રાણનાથં,
સહૂ જીવને જે કરે છે સનાથં;
મહાતત્ત્વ જાણી સદા જેહ ધ્યાવે,
તેનાં દુઃખ દારિદ્ર દૂરે પલાવે. (૫)

પામી માનુષયોનિ વૃથા કાં ગમો છો,
કુશીલે કરી દેહને કાં દમો છો;
નહિ મુકિતવાસં વિના વીતરાગં,
ભજો ભગવંતં તજો દૃષ્ટિરાગં. (૬)

ઉદયરત્ન ભાખે સદા હેત આણી,
દયાભાવ કીજે પ્રભુ દાસ જાણી;
આજ માહરે મોતીડે મેહ વૂઠા,
પ્રભુ પાસ સંખેસરો આપ તૂઠા. (૭)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૪]

## શ્રીજિનહર્ષમુનિ વિરચિત
## શ્રીશંખેશ્વરનાથ સ્તોત્ર

સકલ સુરાસુર સેવે પાય, કરજોડી ઉભા સુરરાય;
ગુણ ગાવે ઇન્દ્રાણી જાસ, પ્રણમું શ્રીશંખેશ્વર પાસ. (
જેહને નામે નવનિધિ થાય, પાતિક દુસમન દૂરે જાય.
મહિયલ માંહે વાધે જસ વાસ, પ્રણમું૦ (૨)
લખમી મંદિર થાયે અખૂટ, રાય રાણા કોઇ ન સકે લૂટ;
નવનિધ રહે સદા ઘર વાસ, પ્રણમું૦ (૩)
અણતેડી આવે સંપદા, જાઇ અલગી સહુ આપદા;
નાસે રોગ દુષ્ટ ખયન ખાસ, પ્રણમું૦ (૪)
વીછડીયાં વાલેસર મળે, દોષી દુસમન પાછા ટળે;
લહીઇં વંછિત ભોગ વિલાસ, પ્રણમું૦ (૫)
જરા ઉતારી જાદવ તણી, વાધી પ્રભુની કીરતિ ઘણી;
હરિ પૂર્યો તિહાં સંખ ઉલ્લાસ, પ્રણમું૦ (૬)
ધરણીધર નેં પદમાવતી, જેહની સેવ કરે શાશ્વતી;
દુઃખ ચૂરે પૂરે સહુ આસ, પ્રણમું૦ (૭)
જેહની આદિ કોઇ નવી લહે, ગીતારથ ગુરુ ઇણીપર કહે
કહે જિનહરખ સદા સુખવાસ, પ્રણમું૦ (૮

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૫ ]

## પં. શ્રીરૂપવિજયજીવિરચિત

## શ્રીશંખેશ્વરનાથ લાવણી

નમત અમર નર નિકર ચરણુ જસ પરમ જ્યોતિ પાવનકારી,
કેવળજ્ઞાન વિરાજિત પરમાનંદકંદ જનહિતકારી;
નિરુપમ વદન રદન દ્યુતિ દીપે નેન સોહે પંકજવારિ,
વામાનંદન ચંદનચરચિત પાસ સંખેસર સુખકારી.
(એ આંકણી) (૧)

સિદ્ધ બુદ્ધ ગુણ ઈદ્ધ નિરંજન પરમજ્યોતિ તું અવિકારી,
નિર્મળ પરમાતમ પરમેસર પરમરૂપ જનહિતકારી;
આવિર્ભૂત યથાસ્થિત કેવળજ્ઞાન ચરણ દર્શનધારી,
વામા૦ (૨)

ગત નિદ્રા તંદ્રા ભય ભ્રાંતિ રાગ દ્વેષ સંશય પીડા,
શોક મોહ પુનર્જન્મ જરા મૃત ક્ષુધા તૃષા શ્રમ તેં જિતા;
મદોન્માદ મૂર્છના કૌતુક વર્જિત તું પ્રભુ અવિકારી,
વામા૦ (૩

અકલ સ્વરૂપી અરૂપીતિ સકલ કરણ રહિત કલ્પન ટારી,
અનંત વીર્જ પ્રગટ્યું તુજ ક્ષાયક તુંહી દેવ જગ ઉપગારી;
સકલ પુરણતા ઘટમાં પ્રગટી તુંહી સનાતન ગુણધારી.
વામ૦ (૪)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંચ હ્રસ્વાક્ષર ગુણ શૈલેશી થઈ અલેશી તું સ્વામી,
સાદિ અનંત અનોપમ અક્ષય નિજ ગુણ થિરતા તેં પામી;
રોગ સોગ ગતભોગ કૃતારથ પરમધામ ગુણગણધારી,
વામા૦ (૫)

ભીમ ભગંદર કોઢ અઢારહ નામ જપ્યાં સવિ દૂર ટલેં,
હિક હરસ નાસૂર ન થાએ જકર ગાંઠ તે દૂર ટલે;
નમણજલેં જાદવ પરેં દેહ ઠરે સોભાકારી,
વામા૦ (૬)

જલન જલોદર જલભય વિષધર હરી કરી અરિયણ જાય પરા,
ડાકિણી સાકિણી પીડ કરે નહી જે તુજ ધ્યાએ ધ્યાન નરા;
રિદ્ધિ સિદ્ધિ પ્રગટેં તસ મંદિર જે જન તુજ સેવાકારી,
વામા૦ (૭)

દેહદ્યુતિ દિનકર સમ દીપે જિપે કુવાદીકરીંદ્રઘટા,
પૂર્વાપર અવિરોધ સ્યાત્પદલંછિત વરસે વચનછટા;
નિરુપમ ચોત્રીસ અતિશય શોભિત ત્રણ્ય જગને નિસ્તારી,
વામા૦ (૮)

કાશી દેશ વણારસી નગરી અશ્વસેન કુલ દિવસમણિ,
ત્રણ્ય ભુવનમાં સુંદર રાજેં કીરતી ઉજ્જવલ નાથ તણી:
સેવક જન મનવંછિત પૂરણ રયણ ચિંતામણિ મનોહારી,
વામા૦ (૯)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાગરાય સેવા કરેં અહનિસિ પદમાવતી પરતો પૂરેં,
પાર્શ્વજક્ષ પરગટ થઈ ભવિના વિઘનકોડ ક્ષણમાં ચૂરેં;
ચોસઠ ઇંદ્ર કરે જસ સેવા શિવસુખ લેવા મનોહારી.
વામાં (૧૦)

સંખેસરપુર મંડણ સાહિબ પાપવિહંડણ તું સાચો,
ઉત્તમ તુજ પદ પદ્મની સેવા ભક્તિ કરેં તે નર સાચો;
**રૂપવિજય** કહે ગાય લાવણી જિનની તે વરેં શિવનારી,
વામાનન્દન ચન્દનચરચિત પાસ સંખેસર સુખકારી. (૧૧)

---

[ ૬ ]

## શ્રીવીરવિજયજી વિરચિત
## શ્રીશંખેશ્વરપાર્શ્વનાથ પદ

( રાગ–રામકલિ )

તુમ દેખો માઈ, અજબ જોતિ મેરે જિનકી.
કોડ સૂરજ જો એકઠા કીજે, હોડ ન હોવે રતનકી;
તુમ દેખો માઈ, અજબ જોતિ મેરે જિનકી. (૧)
ઝિગમિગ જોતિ ઝલાહલ ઝલકે, કાયા નિલવરણકી;
તુમ દેખો માઈ, અજબ જોતિ મેરે જિનકી. (૨)
વીરવિજેકે પાસ શંખેસર, આસ્યા પૂરોની મેરે મનકી;
તુમ દેખો માઈ, અજબ જોતિ મેરે મનકી. (૩)

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૭ ]

## શ્રીરંગવિજયજી વિરચિત
## શંખેશ્વર પાર્શ્વજિન કવિત્ત

( કવિત્ત–છપ્પય )

જય જય જય જગતાત ભ્રાત ભવતાપનિવારન,
સરણાગત સિરધાર તરણ જગજનકે તારન;
કમલાપતિકે કાજ પ્રગટ જિનરાજ પધારે,
જરા નિવારી જીત સકલજન કાજ સુધારે.
ગુન અમિત લાખ પતિક હરન, હરિતબરન જન સુખકરન;
કર જોર રંગ વંદત, શ્રી શંખેશ્વર અસરનસરન. (૧)

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુનિરાજ શ્રી. જયંતવિજયજીકૃત

## — પુસ્તકો —

૧ સિદ્ધાન્તમુક્તા (સિદ્ધાન્તરત્નિકા વ્યાકરણની ટીકા)
૨ આબૂ (આબૂતીર્થનું ૭૫ ચિત્રો યુક્ત વર્ણન, ગૂજરાતી અને હિન્દીમાં) ... ૨-૮
૩ આબૂ (ભાગ બીજો) અર્બુદ-પ્રાચીન-જૈન લેખ સંદોહ [આબૂના શિલાલેખોનો મહાન સંગ્રહ] ૩-૦
૪ આબૂ (ભા. ૩) અર્બુદાચલ પ્રદક્ષિણા છપાય છે.
૫ આબૂ (ભા. ૪) પ્રદક્ષિણા-લેખ સંદોહ ,,
૬ વિહારવર્ણન (પોતે કરેલ પ્રવાસનું વર્ણન) ૦-૧૨
૭ બ્રાહ્મણવાડા (તીર્થવર્ણન) ... ૦-૪
૮ ઉત્તરાધ્યયનસૂત્ર-કમલસંયમી ટીકાયુક્ત (સંપાદન) ચાર ભાગ દરેકના ૩-૮
૯ હેમચંદ્રવચનામૃત (સુવાક્યોનો સંગ્રહ) ... ૦-૮
૧૦ શંખેશ્વરમહાતીર્થ (ભા. ૧-૨) (સચિત્ર) ... ૧-૪
૧૧ શંખેશ્વર સ્તવનાવલિ ... ૦-૮
૧૨ હમ્મીરગઢ (સચિત્ર) ... ૦-૬
૧૩ અચલગઢ (સચિત્ર) ... ૧-૪
૧૪ ચિત્રમય શંખેશ્વર (આલ્બમ) ... ૦-૮
૧૫ ,, અચલગઢ ( ,, ) ... ૦-૬

**શ્રી. યશોવિજય જૈન ગ્રંથમાળા.**

ગાંધી ચોક : **ભાવનગર** (કાઠિયાવાડ)

For Private And Personal Use Only